dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year-09 | Issue-340 | AD-2026, Bhadarv Sud -06 | Thursday, Dt. 17-09-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### ભારતે પાકિસ્તાની રાજદ્વારી અધિકારીને સમન્સ પાઠવ્યું

# અરબી સમુદ્રમાં ભારતીય-પાકિસ્તાની નૌકાદળના જહાજોની ટક્કર

નવી દિલ્હી, તા.૧૬

ભારત અને પાકિસ્તાન વચ્ચેના તણાવ વચ્ચે ઉત્તર અરબી સમુદ્રમાં ૧૫ સપ્ટેમ્બરની સાંજે બંને દેશોના નૌકાદળના જહાજો વચ્ચે ટક્કરની ઘટના બની હતી. ભારતના વિદેશ મંત્રાલયે બુધવારે નવી દિલ્હીમાં પાકિસ્તાન હાઈ કમિશનના ચાર્જ ડી'અફેર્સને સમન્સ પાઠવી ઘટનાને લઈને સખત વિરોધ નોંધાવ્યો હતો. મંત્રાલયે ઘટનાને આંતરરાષ્ટ્રીય જળસીમામાં બનેલી ગણાવી હતી અને જણાવ્યું હતું કે તેમાં કોઈ મોટું નુકસાન થયું નથી.

ભારતીય અધિકારીઓના જણાવ્યા મુજબ, ભારતીય નૌકાદળનું એક જહાજ ઉત્તર અરબી સમુદ્રમાં નિયમિત દેખરેખ મિશન પર હતું. આ દરમિયાન પાકિસ્તાની નૌકાદળનું જહાજ તેની નજીક આવ્યું અને ઊંચી ઝડપે અસુરક્ષિત રીતે દાવપેચ કરતાં બંને જહાજો વચ્ચે ટક્કર થઈ હતી. કેટલાક અહેવાલોમાં પાકિસ્તાની જહાજની ઓળખ પીએનએસ હુનૈન તરીકે કરવામાં આવી છે. જોકે, વિદેશ મંત્રાલયના સત્તાવાર નિવેદનમાં જહાજનું નામ જાહેર કરવામાં આવ્યું નથી.



ભારતીય વિદેશ મંત્રાલયે પાકિસ્તાની નૌકાદળના વર્તનને 'અસ્વીકાર્ય અને બિનવ્યાવસાયિક' ગણાવ્યું હતું. મંત્રાલયના જણાવ્યા અનુસાર, પાકિસ્તાની જહાજનું વર્તન એપ્રિલ ૧૯૯૧માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સૈન્ય કવાયત, દાવપેચ અને સૈનિકોની હિલચાલ અંગે અગાઉથી સૂચના આપવાના કરારની કલમ ૧૦ની જોગવાઈઓ સાથે વિસંગત હતું. પાકિસ્તાની ચાર્જ ડી'અફેર્સને સંબંધિત અધિકારીઓ સુધી ભારતની ચિંતા પહોંચાડવા અને ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે તમામ લશ્કરી એકમોને યોગ્ય સાવચેતી રાખવા જણાવાયું છે.

ભારતે આ મામલો માત્ર નવી દિલ્હી સુધી મર્યાદિત રાખ્યો નથી. વિદેશ મંત્રાલયે ઈસ્લામાબાદમાં ભારતના ચાર્જ ડી'અફેર્સને પણ પાકિસ્તાનના વિદેશ મંત્રાલય સમક્ષ સમાન વિરોધ નોંધાવવાનો નિર્દેશ આપ્યો છે. ભારતે બંને દેશો વચ્ચે અમલમાં રહેલા સંબંધિત કરારોની જોગવાઈઓનું પાલન કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.

અહેવાલો અનુસાર, પીએનએસ હુનૈન યારમૂક-ક્લાસનું ઓફશોર પેટ્રોલ જહાજ છે. કેટલાક અહેવાલોમાં ટક્કર બાદ પાકિસ્તાની જહાજને નુકસાન થયું હોવાનો દાવો કરવામાં આવ્યો છે, જોકે આ વિગતોની સત્તાવાર રીતે પુષ્ટિ થઈ નથી. ભારતીય નૌકાદળના જહાજને કોઈ મોટું નુકસાન થયું ન હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

સમુદ્રમાં આવી ઘટનાઓ ટાળવા માટે જહાજોએ આસપાસના વિસ્તારમાં અન્ય જહાજોની હાજરી અંગે સતત તકેદારી રાખવી, સલામત ગતિ જાળવવી અને આંતરરાષ્ટ્રીય દરિયાઈ સલામતીના નિયમોનું પાલન કરવું જરૂરી છે. ભારતે પણ ભવિષ્યમાં આવી ઘટનાઓનું પુનરાવર્તન ન થાય તે માટે લશ્કરી એકમોને યોગ્ય સાવચેતી રાખવા અને બંને દેશો વચ્ચેના કરારોનું સન્માન કરવા જણાવ્યું છે.

# જંતર-મંતર કેસમાં તપાસ સમિતિમાં ફેરફાર નહીં: સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ આદેશ

નવી દિલ્હી, તા.૧૬

જંતર-મંતર ખાતે જુલાઈમાં યોજાયેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન દરમિયાન થયેલી કથિત હિંસા અને પોલીસ કાર્યવાહીની તપાસ માટે રચાયેલી પાંચ સભ્યોની ઉચ્ચ-શક્તિવાળી તપાસ સમિતિ (HPEC)માં કોઈ ફેરફાર નહીં થાય. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતની અધ્યક્ષતાવાળી સુપ્રીમ કોર્ટની બેન્ચે સમિતિનું પુનર્ગઠન કરવાની માંગ ફગાવી દીધી છે. કોર્ટે જણાવ્યું કે સમિતિએ તપાસની શરૂઆત જ કરી છે, તેથી તેની કામગીરી અંગે અગાઉથી ધારણા કરવી યોગ્ય



નથી. કોર્ટે HPECને શરૂઆતના તબક્કામાં પેલેટ ગનના કથિત ઉપયોગ, મહિલા પ્રદર્શનકારીઓ સામે નિશાન બનાવી કરવામાં આવેલી હિંસા અને કથિત દુર્વ્યવહાર, પોલીસકર્મીઓને થયેલી ઈજાઓ તેમજ બંને પક્ષે થયેલી અતિશય હિંસા અને મિલકતના નુકસાન અંગે તપાસ કરવા સૂચના આપી છે. સમિતિનો હેતુ નિષ્પક્ષતા અને પારદર્શિતા સાથે કોર્ટને મદદ કરવાનો છે અને તે કોઈ એક પક્ષના હિત માટે રચાયેલી નથી, તેમ કોર્ટે સ્પષ્ટ કર્યું. સુપ્રીમ કોર્ટે સંવેદનશીલ સાક્ષીઓની સુરક્ષા અને ઓળખ ગુપ્ત રાખવાનો પણ નિર્દેશ આપ્યો છે. સાક્ષીઓના નિવેદનો અને પુરાવાઓને ગોપનીય રાખવા તથા દસ્તાવેજો રજૂ કરવા માટે અલગ ઓનલાઈન પોર્ટલ બનાવવાની શક્યતા તપાસવા જણાવ્યું છે. કોર્ટે સમિતિને વહેલી તકે સભ્ય-સચિવની નિમણૂક કરી પ્રથમ અહેવાલ રજૂ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે. કોર્ટે વરિષ્ઠ વકીલ ડો. મોનિકા ગુસૈન અને એડવોકેટ-ઓન-રેકોર્ડ સી. સોલોમનને એમિકસ ક્યુરી તરીકે નિયુક્ત કર્યા છે. તેઓ કોર્ટને મદદ કરશે અને પક્ષકારો વચ્ચે સ્વતંત્ર ભૂમિકા નિભાવશે. આ ઉપરાંત, ૧૪ વર્ષની એક મહિલા પ્રદર્શનકારી અને તેના પરિવારને કથિત ધમકીઓ મળવાના મુદ્દે દિલ્હી પોલીસને જોખમનું મૂલ્યાંકન કરી જરૂરી સુરક્ષા આપવા તથા ધમકી આપનારાઓ સામે તપાસ ઝડપી કરવા સૂચના આપવામાં આવી છે.

# પશ્ચિમ એશિયામાં તણાવ: મક્કા તરફના ડ્રોનને સાઉદીએ તોડી પાડ્યાનો દાવો, હુથીઓનો ઈનકાર

મક્કા, તા.૧૬

પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે સાઉદી અરેબિયાએ મક્કા તરફ આગળ વધી રહેલા હુથી ડ્રોનને હવાઈ સંરક્ષણ પ્રણાલીથી અટકાવી નષ્ટ કર્યાનો દાવો કર્યો છે. સાઉદી ગઠબંધનના પ્રવક્તા મેજર જનરલ તુર્કી અલ-મલિકીના જણાવ્યા મુજબ, ૧૫ સપ્ટેમ્બરની સાંજે મક્કાના દક્ષિણમાં ડ્રોનને પ્રતિબંધિત હવાઈ ક્ષેત્રમાં પ્રવેશતા પહેલાં જ તોડી પાડવામાં આવ્યું હતું. તેમણે મક્કા અને બે પવિત્ર મસ્જિદોની સુરક્ષાને 'લાલ રેખા' ગણાવી છે.



જોકે, યમનના હુથી સંગઠને મક્કાને નિશાન બનાવ્યાનો સાઉદી આરોપ નકારી કાઢ્યો છે અને તેને ખોટો ગણાવ્યો છે. ડ્રોન ક્યાંથી આવ્યું અને તેનું વાસ્તવિક લક્ષ્ય શું હતું તે અંગે બંને પક્ષના દાવા અલગ છે. ઘટનાની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી.

આ દરમિયાન સાઉદી ક્રાઉન પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને કૈરોમાં ઈજિપ્તના રાષ્ટ્રપતિ અબ્દેલ ફત્તાહ અલ-સીસી સાથે મુલાકાત કરી હતી. બંને નેતાઓએ લાલ સમુદ્ર અને બાબ અલ-મંડાબ જળમાર્ગમાં મુક્ત તથા સુરક્ષિત નૌકાવહનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. ઈજિપ્તે સાઉદી અરેબિયાની સુરક્ષા અને યમન સંકટના રાજકીય ઉકેલને સમર્થન આપ્યું હતું.

બાબ અલ-મંડાબ લાલ સમુદ્રને એડનની ખાડી સાથે જોડતો મહત્વપૂર્ણ દરિયાઈ માર્ગ છે. હુથીઓના નિયંત્રણ અને હુમલાઓને કારણે આ માર્ગની સુરક્ષા અંગે ચિંતા વધી છે. સાઉદી અરેબિયા અને ઈજિપ્તે પ્રાદેશિક તણાવ વચ્ચે દરિયાઈ માર્ગોની સુરક્ષા જાળવવા સંકલન વધારવાની જરૂરિયાત પણ વ્યક્ત કરી છેયુનાઈટેડ સ્ટેટ્સ, પ્રાદેશિક યુદ્ધો અને તણાવ વચ્ચે તેની ભૂમિકા પર પહેલાથી જ દબાણ હેઠળ છે. સંયુક્ત આરબ અમીરાત પણ હુથીઓ સામેના ભૂતપૂર્વ સાઉદી નેતૃત્વ હેઠળના લશ્કરી ગઠબંધનમાંથી ખસી ગયું છે.

### નાગા ગામમાં છ કલાક ગોળીબાર, બે મકાનો સળગાવાયા

# મણિપુરમાં બે કુકી મહિલાઓની હત્યા બાદ તણાવ

ઈમ્ફાલ, તા.૧૬

મણિપુરના કાંગપોકપી જિલ્લામાં ચાવાંગકિનિંગ નાગા ગામ પર મંગળવારે મોડી રાત્રે શંકાસ્પદ સશસ્ત્ર હુમલાખોરોએ ગોળીબાર કર્યો હતો. હુમલા દરમિયાન ઓછામાં ઓછા બે લાકડાના મકાનો સળગાવી દેવામાં આવ્યા હતા. સુરક્ષા દળો સાથે લગભગ છ કલાક સુધી સામસામે ગોળીબાર થયો હતો. અધિકારીઓના જણાવ્યા મુજબ,



રાત્રે આશરે ૧૦.૩૦ વાગ્યે આધુનિક હથિયારોથી સજ્જ મોટી સંખ્યામાં હુમલાખોરોએ ગામને નિશાન બનાવ્યું હતું. નજીકમાં તૈનાત સીઆરપીએફ જવાનોએ જવાબી કાર્યવાહી કરી હતી. ગોળીબાર બુધવારે સવારે આશરે ૪.૩૦ વાગ્યા સુધી વચ્ચે-વચ્ચે ચાલુ રહ્યો હતો. સુરક્ષા દળોએ હુમલાખોરોને ગામમાં પ્રવેશતા અટકાવ્યા હતા, જોકે ગામની સરહદે આવેલા બે મકાનો સળગી ગયા હતા. આ હુમલો પડોશી તામેંગલોંગ જિલ્લાના લીસાંગફાઈ વિસ્તારમાં બે કુકી મહિલાઓની ગોળી મારી હત્યા થયાના થોડા કલાકો બાદ થયો હતો. બંને ઘટનાઓને પગલે વિસ્તારમાં તણાવ વધ્યો છે. નાગા પીપલ્સ ફ્રન્ટના ધારાસભ્ય અવંગબોઉ ન્યુમાઈએ મહિલાઓની હત્યા અને મકાનો સળગાવવાની ઘટનાની નિંદા કરી હતી. કુકી ધારાસભ્યે પણ હત્યાની નિંદા કરી હતી અને એક મૃતક મહિલાએ તાજેતરમાં નર્સિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો હોવાનું જણાવ્યું હતું. હત્યામાં એનએસસીએન-આઈએમ અને ઝેડયુએફ-કેના સભ્યોની સંડોવણી હોવાનો આરોપ મૂકાયો છે, જોકે આ દાવાની સત્તાવાર પુષ્ટિ થઈ નથી. પોલીસે ઘટનાની તપાસ શરૂ કરી, સુરક્ષા પણ વધારી છે.

# ભારતીય આર્મી ચીફ જનરલ શેઠ લશ્કરી સબંધોને મજબુત બનાવવા ત્રણ દિવસ રશિયાની મુલાકાતે


નવી દિલ્હી, તા.૧૬

સેના પ્રમુખ જનરલ ધીરજ સેઠ બુધવારથી ૧૬થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન રશિયાની ત્રણ દિવસીય સત્તાવાર મુલાકાતે રવાના થયા છે. મુલાકાત દરમિયાન ભારત-રશિયા સંરક્ષણ સહયોગ અને લશ્કરી સંબંધોને વધુ મજબૂત બનાવવા ચર્ચા થશે. જનરલ સેઠ રશિયન સેનાના કમાન્ડર-ઈન-ચીફ કર્નલ જનરલ આન્દ્રે મોર્ડવિચેવ સહિત વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરશે. તેઓ મોસ્કો અને સેન્ટ પીટર્સબર્ગની વિવિધ લશ્કરી સંસ્થાઓની મુલાકાત લઈ વ્યાવસાયિક સહયોગ, તાલીમ તથા સંરક્ષણ ક્ષેત્રે સહકાર અંગે ચર્ચા કરશે.









ગ્લોબલ બોર્ડ ઓફ ડીરેક્ટર પદે વરણી થયા બદલ

# અમરેલીમાં સહકારી આગેવાન દિલીપ સંઘાણીનો વિજયોત્સવ ઉજવાયો

**ડો. જીવરાજ મહેતાની પ્રતિમાને ફુલહાર કરી આતશબાજી સાથે સૌએ મોં મીઠાં કર્યા**

અમરેલી,તા.૧૬

પનામા ખાતે યોજાયેલા આંતરરાષ્ટ્રીય કો-ઓપરેટિવ એલાયન્સ (ICA)ના ગ્લોબલ બોર્ડ ઓફ ડિરેક્ટરની ચૂંટણીમાં ઈફકોના ચેરમેન દિલીપ સંઘાણી પ્રચંડ બહુમત સાથે ચૂંટાઈ આવતા અમરેલી ખાતે ડૉ. જીવરાજ મહેતાની પ્રતિમાને આગેવાનો દ્વારા ફુલહાર કરી વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો. આ પ્રસંગે આતશબાજી કરવામાં આવી હતી તેમજ ઉપસ્થિત સૌએ એકબીજાના મોં મીઠાં કર્યા હતાં. કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપ





પ્રમુખ અતુલભાઈ કાનાણી, પ્રદેશ કિસાન મોરચાના પ્રમુખ હિરેનભાઈ હિરપરા, જયંતિભાઈ પાનસુરિયા, દીપકભાઈ માલાણી, મયુરભાઈ માંજરીયા,ડો. આર.એસ.પટેલ, કોઠીયા બી.એસ. કાંતિભાઈ વઘાસિયા, ધાર્મિકભાઈ રામાણી, પ્રવીણભાઈ માંગરોળીયા, દેવચંદભાઈ માંગરોળીયા, તુષારભાઈ જોશી, હસમુખભાઈ દુધાત, જીગ્નેશભાઈ રામાણી, ઘનશ્યામભાઈ ત્રાપસીયા, રામભાઈ સાનેપરા, રામજીભાઈ કાપડિયા, રેખાબેન માવદીયા અલકાબેન દેસાઈ, રેખાબેન કાકડીયા, રંજનબેન ડાભી,જશુબેન સાકળીયા, ચંદુભાઈ રામાણી, કાળુભાઈ પાનસુરીયા,મધુભાઈ ચાવડા, નિલેશભાઈ ધાધલ,વિજયભાઈ ડાંગર ભાર્ગવભાઈ ત્રિવેદી, કાળુભાઈ રામાણી સહિત મોટી સંખ્યામાં સહકારી, રાજકીય અને સામાજિક કાર્યકરો વિજય ઉત્સવમાં ઉપસ્થિત રહ્યા હતા.

# અમરેલી જીલ્લા લેઉવા પટેલ ટ્રસ્ટ સંકુલમાં ગણેશ ચતુર્થીની ઉજવણી

અમરેલી,તા.૧૬

અમરેલી ખાતે અમરેલી જીલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કુલ કોલેજ હોસ્ટેલ ખાતે ગણેશ ચતુર્થીની ભવ્ય અને ઉત્સાહપૂર્ણ માહોલમાં ઉજવણી કરવામાં આવી હતી. શાંતાબેન હરીભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ) ખાતે



યોજાયેલા આ કાર્યક્રમમાં ભગવાન ગણેશજીનું ડીજે અને ડિસ્કોના તાલે ધામધૂમપૂર્વક ભવ્ય આગમન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મહા આરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સ્કૂલ અને કોલેજના GS તથા JGS એ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહીને મહા આરતી કરી હતી. આરતી પૂર્ણ થયા બાદ તમામ વિદ્યાર્થીઓને પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ ભક્તિભાવ અને હર્ષોલ્લાસ સાથે સંપન્ન થયો હતો.

# ગજેરા કેમ્પસના ક્રિકેટરોને આંતરરાષ્ટ્રીય કોચ ગોપાલભાઈ જસાપરા દ્વારા વિશેષ માર્ગદર્શન

અમરેલી,તા.૧૬

અમરેલી સ્થિત શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે DLSS અને ક્રિકેટ એકેડમીમાં તાલીમ લઈ રહેલા વિદ્યાર્થીઓને આંતરરાષ્ટ્રીય કક્ષાના ક્રિકેટ કોચ ગોપાલભાઈ જસાપરા દ્વારા વિશેષ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. દુબઈ ખાતે છેલ્લા ૨૦ વર્ષથી




G-Froce Cricket Academy ચલાવતા અને ઈંગ્લેન્ડમાં પણ સક્રિય ગોપાલભાઈ જસાપરાએ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા અને દુબઈ સ્થિત ગિરધરભાઈ ગજેરાના પ્રયાસોની સરાહના કરી હતી. કેમ્પસની સુવિધાઓને બિરદાવતાં તેમણે જણાવ્યું કે, અમરેલીમાં આવી ઉત્કૃષ્ટ વ્યવસ્થા વિદ્યાર્થીઓનું સદભાગ્ય છે અને નિયમિત મહેનતથી તેઓ રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચી શકે છે.

# અમરેલી તાલુકા પેન્શનર મંડળની શનિવારના રોજ સાધારણ સભા


અમરેલી,તા.૧૬

અમરેલી જિલ્લા તિજોરી કચેરીમાંથી પેન્શન મેળવતા અમરેલી તાલુકાના પેન્શનરોને જણાવવાનું કે અમરેલી. તાલુકા પેન્શન મંડળ દ્વારા૨૦૨૫-૨૬ ના વર્ષની વાર્ષિક સાધારણ સભાનું આયોજન નીચે દર્શાવેલ તારીખ, સમય, અને સ્થળે યોજવામાં આવેલ છે તો દરેક પેન્શનરોએ આ સભામાં હાજરી આપવા અપીલ કરાઈ છે તેમજ તાજેતરમાં નિવૃત થયેલ કર્મચારીઓ પણ આ મંડળમાં સામેલ થાય તેવો અનુરોધ કરાયો છે. સાધારણ સભામાં જિલ્લા તિજોરી અધિકારી તથા બેંક મેનેજર તેમજ ગુજરાત પેન્શનર મંડળના પ્રમુખ/પ્રતિનિધિ ઉપસ્થિત રહેવાના હોય આપને મુંઝવતા પ્રશ્નો અંગે યોગ્ય માર્ગદર્શન મળી રહેશે. વધુમાં પ્રતિષ્ઠિત કંપનીના અધિકારીઓ નિવૃતિ પછીની પ્રવૃતિ તેમજ રીક્રુટમેન્ટ અંગે માર્ગદર્શન આપશે. તા.૧૯/૯/૨૦૨૬ મંગળવારના રોજ કપોળ મહાજન વાડી, ટાવર પાસે, મીરા પાન બાજુની ગુલીમાં, સવારના ૮-૩૦ થી ૧-૩૦ યોજાશે તેમ પ્રમુખ રાજેશ જયંતિલાલ મહેતા અને મહામંત્રી ઘનશ્યામભાઈ ગોરધનદાસ સોરઠીયા અમરેલી જિલ્લા પેન્શનર મંડળની યાદીમાં જણાવાયું છે.

# સાવરકુંડલા રૂરલ પોલીસે પોણા બે વર્ષ જૂનો મોબાઈલ ચોરી ગુનો ઉકેલ્યો

અમરેલી,તા.૧૬

સાવરકુંડલા રૂરલ પોલીસે e-FIR મારફતે નોંધાયેલ મોબાઈલ ચોરીનો ગુનો ઉકેલી કાઢ્યો છે. પોલીસની સર્વેલન્સ ટીમે એક શખ્સને ચોરીના મોબાઈલ ફોન સાથે ઝડપી પાડ્યો હતો. તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, મોબાઈલ ચોરીનો આ ગુનો પોણા બે વર્ષથી અજાણ્યો રહ્યો હતો. પોલીસે આરોપી પાસેથી કુલ



ત્રણ મોબાઈલ ફોન કબજે કર્યા છે. પોલીસે રૂ.૨૪,૫૦૦નો મુદ્દામાલ જપ્ત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# બગસરા સાયબર બ્લેકમેઈલ કેસમાં પોલીસે એક આરોપીને સુરતથી ઝડપ્યો

બગસરા,તા.૧૬

અમરેલી એલ.સી.બી. ટીમે બગસરા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા સાયબર બ્લેકમેઈલના ગુનામાં એક આરોપીને સુરતથી ઝડપી પાડ્યો છે. બાતમી અને ટેકનિકલ સોર્સના આધારે પ્રતિકભાઈ પરશોતમભાઈ પાઘડાળ (ઉ.વ. ૨૬), રહે. મોટા વરાછા, સુરત, મૂળ હડાળા, તા. બગસરા,



જિ. અમરેલીને ઝડપી લેવાયો હતો. પોલીસ મુજબ આરોપીએ અન્ય મહિલા આરોપી સાથે મળી ફરિયાદીનો વોટ્સએપ મારફતે સંપર્ક કરી પ્રેમભરી વાતોમાં ફસાવી વીડિયો કોલ દ્વારા ફોટા મેળવ્યા હતા. બાદમાં ફોટા વાયરલ કરવાની ધમકી આપી અલગ-અલગ બેંક ખાતા તથા આંગડિયા મારફતે કુલ રૂ.૧૬,૩૦,૧૧૦ પડાવ્યાનો આક્ષેપ છે.

આરોપીને વધુ કાર્યવાહી માટે બગસરા પોલીસને સોંપાયો છે.

# અમદાવાદથી મહુવા સુધી વંદે ભારત ટ્રેન શરૂ કરવા માંગ ઉઠી

**અમરેલી સહિત સૌરાષ્ટ્રના જિલ્લાઓને લાભ મળી શકે**

અમરેલી,તા.૧૬

અમદાવાદ પૂર્વમાં બાપુનગર, નિકોલ, નરોડા, ઈન્ડિયા કોલોની, ઠક્કરબાપાનગર અને વિરાટનગર વિસ્તારમાં સૌરાષ્ટ્રના અમરેલી, બોટાદ તથા ભાવનગર જિલ્લાના મોટી સંખ્યામાં લોકો વસવાટ કરે છે. દિવાળી, ઉનાળુ વેકેશન, લગ્ન પ્રસંગો અને સામાજિક કાર્યો માટે આ લોકો અમદાવાદથી સૌરાષ્ટ્રમાં અવરજવર કરે છે. ખાનગી બસ સંચાલકો દ્વારા ઊંચું ભાડું વસૂલવામાં આવતું હોવાના કારણે ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને મુશ્કેલી પડે છે. એસટી બસની પૂરતી સુવિધા ન હોવાથી પણ લોકોને ખાનગી બસનો આશરો લેવો પડે છે. તેથી અમદાવાદથી સાવરકુંડલા અને મહુવા સુધી વંદે ભારત ટ્રેન શરૂ કરવામાં આવે તેવી માંગ રેલવે મંત્રી તથા પશ્ચિમ રેલવેના વિભાગીય મેનેજર સમક્ષ કરવામાં આવી છે. સામાજિક કાર્યકર ભાનુભાઈ કોઠિયાએ જણાવ્યું કે આ ટ્રેન શરૂ થાય તો અમદાવાદ પૂર્વમાં રહેતા તેમજ અમરેલી, ભાવનગર અને બોટાદ જિલ્લાના લાખો નાગરિકોને વતન આવવા-જવામાં સુવિધા મળશે.

# સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી આયોજિત ગણેશોત્સવમાં અધિકારીઓ, કામદારો જોડાયા

અમરેલી, તા.૧૬

સારહિ યુથ ક્લબ ઓફ અમરેલી દ્વારા આયોજિત અને મધુવન ગોલ્ડ આર્ટ દ્વારા સ્પોન્સર કરાયેલા ભવ્ય ગણેશ ઉત્સવની સિનિયર સિટીઝન પાર્ક ખાતે ઉજવણી થઈ રહી છે. તા.૧૫ના રોજ સવારે પ્રથમ આરતી સફાઈ કામદારના હસ્તે કરવામાં આવી હતી. બપોરે સભ્યો દ્વારા ગણેશજીને થાળ ધરાવવામાં આવ્યો હતો. સાંજની આરતીમાં અમરેલીના એસપી સંજય ખરાત સહિત



બહેરા-મૂંગા શાળાના બાળકોએ ભાગ લીધો હતો. આ ઉપરાંત ખત્રી સમાજ, બારોટ સમાજ, મોચી સમાજ, ધોબી સમાજ, લોકસાહિત્ય સેતુ સંસ્થા સહિત વિવિધ સમાજના આગેવાનો અને અમરેલીની ધર્મપ્રેમી જનતા ઉપસ્થિત રહી હતી. સૌએ ગણેશજીની આરતી ઉતારી ભક્તિભાવપૂર્વક ઉત્સવમાં ભાગ લીધો હતો. સારહિ યુથ ક્લબ દ્વારા સેવા, સંસ્કૃતિ, ધાર્મિક અને સામાજિક ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ અવિરત કરવામાં આવી રહી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર
ચક્કરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




|| શ્રી ગણેશાય નમઃ || || શ્રી ૧ા || || શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ||
અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...

યમુના જવેલર્સ
(અમરાપુર વાળા)
અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.
- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ
અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.
સ્થળ : દુ.નં. - ૩, પટેલ વાડી શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક, લીલીયા રોડ, અમરેલી.
હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૬

**આજે પ્રધાનમંત્રી મોદીનો જન્મ દિવસ : કામનાથ મહાદેવ મંદિર ખાતે અંદાજે ૫ હજાર જેટલા 'આશીર્વાદના દીવડાઓ' પ્રજ્વલિત થશે**

# અમરેલીના કામનાથ મહાદેવ મંદિરે 'આશીર્વાદના દીવા'નો ભવ્ય કાર્યક્રમ યોજાશે

**અમરેલી શહેર રોશનીથી ઝળહળી ઊઠશે, ફૂલ સજાવટ, રંગોળી, મહાઆરતી અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન**

અમરેલી,તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેરજીવનમાં ૨૫ વર્ષની નિષ્ઠાપૂર્વકની સેવા અને સમર્પણના ઉપલક્ષમાં સમગ્ર રાજ્યમાં તા. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન 'સેવા સંકલ્પ અભિયાન'નું વિશેષ આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત આવતીકાલે તા. ૧૭ સપ્ટેમ્બરના રોજ સાંજે ૬ વાગ્યે અમરેલી સ્થિત પવિત્ર કામનાથ મહાદેવ મંદિર ખાતે જિલ્લાકક્ષાના 'આશીર્વાદના દીવા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે.આ ભવ્ય કાર્યક્રમને સફળ બનાવવા માટે તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. કાર્યક્રમમાં કાયદો અને ઊર્જા રાજ્યમંત્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ ભરતભાઈ સુતરીયા, જિલ્લા પંચાયત પ્રમુખ દક્ષાબેન ચોડવડીયા, અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, જીલ્લા પ્રમુખ અતુલભાઈ કાનાણી સહિતના પદાધિકારીઓ અને આગેવાનો ઉપસ્થિત રહેશે. 'આશીર્વાદના દીવા' મહોત્સવ અંતર્ગત ઐતિહાસિક કામનાથ મહાદેવ મંદિરને મનમોહક



અને સુગંધિત ફૂલોથી ભવ્ય રીતે શણગારવામાં આવશે. મંદિરના વિશાળ પટાંગણમાં વિવિધ સ્થળોએ હજારો દીવા પ્રજ્વલિત કરવામાં આવશે. આ ઉપરાંત આકર્ષક રંગોળીઓથી મંદિર પરિસરને સુશોભિત કરવામાં આવશે. ઋષિગણો દ્વારા મંત્રોચ્ચાર કરવામાં આવશે, જ્યારે ભગવાન કામનાથ મહાદેવની સન્મુખ ભક્તિભાવપૂર્વક વિશેષ મહાઆરતી યોજાશે. સાથે જ ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમમાં સ્થાનિક સંસ્કૃતિની ઝાંખી રજૂ કરવામાં આવશે. જિલ્લાકક્ષાના કાર્યક્રમ નિમિત્તે અમરેલી શહેરને પણ રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવશે. સેન્ટર પોઈન્ટ, નાગનાથ ચોક, એસ.ટી. બસ સ્ટેશન, શિવાજી સર્કલ સહિતના મહત્વના સ્થળો અને મુખ્ય માર્ગો પર આકર્ષક લાઈટિંગ કરવામાં આવશે. જેના કારણે સમગ્ર શહેરમાં ઉત્સવમય અને ભક્તિમય વાતાવરણ સર્જાશે. આ ઉપરાંત સમગ્ર અમરેલી જિલ્લામાં તાલુકાવાર 'આશીર્વાદના દીવા'ના કાર્યક્રમો પણ યોજાશે. અમરેલી તાલુકાનો કાર્યક્રમ સૌના શિવ, દેવભૂમિ દેવળિયા ખાતે, બાબરા તાલુકાનો કાર્યક્રમ તાપડિયા આશ્રમ ખાતે, લીલીયા તાલુકાનો રામજી મંદિર-આંબા ખાતે, બગસરા તાલુકાનો શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતે અને લાઠી તાલુકાનો કાર્યક્રમ દુઃખભંજન મહાદેવ મંદિર ખાતે યોજાશે. ખાંભા તાલુકાનો કાર્યક્રમ માનકેશ્વર મંદિર, રાજુલા તાલુકાનો ભંડારિયા દાદા-ભાક્ષી, સાવરકુંડલા તાલુકાનો શ્રી કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ગ્રાઉન્ડ, જાફરાબાદ તાલુકાનો રામજી મંદિર-રોહિસા, ધારી તાલુકાનો શ્રી સ્વામિનારાયણ મંદિર અને કુંકાવાવ તાલુકાનો કાર્યક્રમ શિવ મંદિર (શારદા શોપિંગ) ખાતે યોજાશે. તાલુકાકક્ષાના આ કાર્યક્રમોમાં સ્થાનિક ધારાસભ્યો, પદાધિકારીઓ અને હોદ્દેદારો ઉપસ્થિત રહેશે તેમજ બહોળી સંખ્યામાં નાગરિકો જોડાશે.

## ધારી શહેર યુવા મોરચાના મહામંત્રી તરીકે મિલનપરી ગોસ્વામીની વરણી

ધારી,તા.૧૬

ધારી શહેર ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા મિલનપરી ગોસ્વામીની શહેર યુવા મોરચાના મહામંત્રી તરીકે નિમણૂક કરવામાં આવી છે. સંગઠનને વધુ મજબૂત બનાવવા તેમને આ જવાબદારી સોંપવામાં આવી છે. નિમણૂક થતાં ભાજપના કાર્યકરો અને યુવા આગેવાનોમાં ખુશી જોવા મળી હતી. તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી



હતી. આગામી સમયમાં તેઓ યુવા મોરચાની વિવિધ પ્રવૃત્તિઓને આગળ વધારવા તેમજ વધુ યુવાનોને સંગઠન સાથે જોડવા માટે કામગીરી કરશે.

## કે.કે. પારેખ કોમર્સ કોલેજમાં 'ક્લીન અપ અમરેલી' અંગે સેમિનાર યોજાયો

અમરેલી,તા.૧૬

અમરેલીની કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે સ્વચ્છતા પખવાડિયા અંતર્ગત 'ક્લીન અપ અમરેલી' ડ્રાઈવ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા અંગે જાગૃતિ લાવવા સેમિનાર યોજાયો હતો. કાર્યક્રમમાં ટીમના સભ્યોએ સ્વચ્છતાનું મહત્વ સમજાવી ઘર, શૈક્ષણિક સંસ્થા અને જાહેર સ્થળોએ સ્વચ્છતા જાળવવા



અપીલ કરી હતી. ડસ્ટબિનનો યોગ્ય ઉપયોગ, કચરાનો યોગ્ય નિકાલ અને જાહેર સ્થળોએ કચરો ન ફેંકવા અંગે માર્ગદર્શન અપાયું હતું. સ્વચ્છ અને સ્વસ્થ સમાજના નિર્માણ માટે દરેક નાગરિકે જવાબદારી નિભાવવા આહ્વાન કરાયું હતું. કાર્યક્રમનું આયોજન અને સંચાલન એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડૉ. એ.બી. ગોરવાડિયાએ કર્યું હતું. એનસીસી પ્રોગ્રામ ઓફિસર પ્રાધ્યાપક ડબલ્યુ.જી. વસાવાએ જહેમત ઉઠાવી હતી. વિદ્યાર્થીઓ અને સ્ટાફે ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

## દીતલા ખાતે પીએમ મોદીના જન્મદિવસે કાર્યક્રમનું આયોજન

**પ્રાકૃતિક કૃષિ અને અંગદાન મહાદાન વિષય પર પરીસંવાદ**

અમરેલી,તા.૧૬

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીજીના જન્મદિવસે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પ્રાકૃતિક કૃષિ અને અંગદાન મહાદાન વિષય પર ખૂબ જ મહત્વનું પરીસંવાદ રાખવામા આવ્યા છે. આ બાબતે ખેડૂત અગ્રણીઓ ખેતી લગત ચર્ચા કરશે. આ કાર્યક્રમ ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ અને ગુરુવારના દિવસે બપોરે ૨:૩૦ કલાકે રાખવામાં આવ્યો છે. આ પરીસંવાદનું સ્થળ દેવાંગી આશ્રમ, શેલ નદીના કાંઠે દીતલા તા. ધારી ખાતે રાખેલ છે. તેમ હિરેનભાઈ હિરપરાની યાદીમાં જણાવાયું છે.

## પીએમ મોદીના જન્મદિને સા.કુંડલા-લીલીયા વિસ્તારમાં વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાશે

સાવરકુંડલા તા.૧૬

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિન અને જાહેર જીવનમાં ૨૫ વર્ષના કાર્યકાળ નિમિત્તે સાવરકુંડલા-લીલીયા વિધાનસભા વિસ્તારમાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાની વિશેષ ઉપસ્થિતિમાં વિવિધ સેવાકીય તથા સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. સવારે ૧૦ વાગ્યે કે.કે. હોસ્પિટલ, સાવરકુંડલા ખાતે રક્તદાન કેમ્પ યોજાશે. ત્યારબાદ બપોરે ૪ વાગ્યે રામાણી વાડી, પુંજાપાદર ખાતે 'ભક્તિની અમૃતધારા' કાર્યક્રમમાં સંસ્કૃતિ અને સંસ્કારોનું જતન કરતી



માતાઓનું સન્માન કરવામાં આવશે. રાત્રે ૭ વાગ્યે સાવરકુંડલાના ૧૧૭ ગામો તેમજ કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે 'આશીર્વાદનો દીવડો' અને 'સુશાસનના ૨૫ વર્ષ' અંતર્ગત દીપ પ્રાગટ્ય કાર્યક્રમ યોજાશે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ નાગરિકોને મોટી સંખ્યામાં જોડાવા અપીલ કરી છે.

## અવસાન નોંધ

**બાબરા**

બાબરાના વતની અને નિવૃત એસ.ટી. કંડક્ટર વસંતરાય રમણિકલાલ ભુપતાણી (ઉ.વ.૭૩)નું તા. ૧૬-૯-૨૦૨૬, બુધવારના રોજ દુઃખદ અવસાન થયું છે.સંજયભાઈ, પંકજભાઈ તથા ગોપાલભાઈ (નમ્રતા સ્ટુડિયો, નમ્રતા ઓટો એડવાઇઝર-બાબરા તથા યુગ ઇમિટેશન-રાજકોટ)ના પિતા થાય. સદગતનું ઉઠમણું તથા પિયર પક્ષની સાદડી તા.૧૮-૯-૨૦૨૬, શુક્રવારના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ કલાક લોહાણા મહાજનવાડી, બાબરા ખાતે રાખવામાં આવેલ છે.

**સાવરકુંડલા**

રમેશભાઈ દામોદરદાસ માખેચા (ઉં.વ.૫૨)તે મિત રમેશભાઈ માખેચાના પિતાશ્રી, હસમુખભાઈ દામોદરદાસ માખેચા, રાકેશભાઇ દામોદરદાસ માખેચાના ભાઈ, પ્રફુલભાઈ જમનાદાસ વિઠલાણીના જીજાનું તા.૧૬/૯/૨૬ને બુધવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતની સાદડી તા.૧૭/૯/૨૬ને ગુરુવારના રોજ સાંજે ૫:૦૦ થી ૬:૦૦ કલાકે લોહાણા મહાજન વાડી ,નદી બજાર સાવરકુંડલા ખાતે રાખેલ છે.

**શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી**
**UG કોલેજ ઉચ્ચ ગ્રેડને – PG કોલેજ ફી રાહત**
★ BA - B.Com. - B.Sc. - A1 ગ્રેડ(90%) ને MA - M.Com. - M.Sc. ફર્સ્ટયર 100% કોલેજ ફી માફ – A2 ગ્રેડ(80%) ને ફર્સ્ટયર 50% કોલેજ ફી માફ
★ BBA - BCA - B.Pharm. - A1 ગ્રેડ(90%)ને MBA - MCA - M.Pharm ફર્સ્ટયર 100% કોલેજ ફી માફ – A2 ગ્રેડ(80%)ને ફર્સ્ટયર 50% કોલેજ ફી માફ
★ B.Ed. - PG DMLT માટે ફી રાહતની વ્યવસ્થા નથી.
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
શ્રી લેઉવા પટેલ ટ્રસ્ટ સ્કૂલ કોલેજ હોસ્ટેલ અમરેલી
સ્થળઃ- શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ (ગર્લ્સ), ચક્કરગઢ રોડ, અમરેલી
-Ad139










**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
PGVCL
રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"
નાના મવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

**જાહેર નિવેદા**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ (PGVCL) ના માનવંતા વીજ ગ્રાહકોને જણાવાનું કે જે વીજ થાંભલા પરથી વીજ જોડાણ આપવામાં આવેલ હોય તે સિવાયના PGVCLના વીજ માળખાં/ અન્યના વીજ જોડાણ માંથી પોતાની રીતે અથવા અન્ય કોઈ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવું ગેરકાયદેસર છે. આ રીતે બિનઅધિકૃત વીજ જોડાણ કરવાથી વીજ માળખાંમાં કામગીરી કરતા PGVCLના કર્મચારી અને ઠેકેદાર દ્વારા લાઈન બંધ કરેલી હોવા છતાં રીટર્ન પાવર આવવા ની શક્યતા રહેલી છે અને આથી વીજ કર્મચારી/ઠેકેદારો ના માણસોને પ્રાણઘાતક અકસ્માત થઈ શકે છે, તેમજ તાજેતરમાં બિનઅધિકૃત વીજ જોડાણના લીધે વીજ કર્મચારીના પ્રાણઘાતક અકસ્માતના દુઃખદ કિસ્સાઓ બનેલ છે જેથી ગ્રાહક/આસામી સામે પોલીસ ફરીયાદ કરવામાં આવેલ છે. આ ગેરકાયદેસર કામ કરનારને જેલની સજા થઈ શકે છે.

**જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો - સલામતી અપનાવો જિંદગી બચાવો.**

તા. ૧૭/૦૯/૨૦૨૬
મુખ્ય ઈજનેર (ટેક),
પીજીવીસીએલ, રાજકોટ




**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**
PGVCL
રજી. અને કોર્પોરેટ ઓફિસ, "પશ્ચિમ ગુજરાત વીજ સેવા સદન"
નાના મવા મેઈન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪
CIN: U40102GJ2003SGC042908; ફોનઃ (૦૨૮૧) ૨૩૮૦૪૨૫/૨૭
Email: info.pgvcl@gebmail.com; Web site: www.pgvcl.com

**: વીજ અકસ્માત અટકાવવા માટે નાગરિકોએ ધ્યાનમાં રાખવાની અગત્યની બાબતો:**
**વીજ વિક્ષેપ અંગે ગ્રાહક સુવિધા કેન્દ્રના ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ નો સંપર્ક કરો તેમજ અન્ય નં. ૧૯૧૨૨ પર સંપર્ક કરવો.**

૧. દરેક બાંધકામનું ઈલેક્ટ્રિકલ નેટવર્ક થી સલામત અંતર જાળવવું જરૂરી છે અન્યથા વીજઅકસ્માત થઈ શકે છે
૨. ભારે/મોટા વાહનચાલકો જેવા કે બસ, ટ્રક, હાઈડ્રોલીક ડમ્પર તથા ઉંચાઈ વાળા ભારે વાહનોને વીજલાઈનની નીચે/નજીક ઉભા રાખવા નહિ.
૩. ભીના હાથે સ્વીચો / પ્લગોને ના અડકવું. વીજ થાંભલા, ડીસ્ટ્રીબ્યુશન બોક્ષ, ટ્રાન્સફોર્મર સેન્ટર, લાઈન વિગેરેને અડકવું નહિ અને તેનાથી દુર રહેવું. વીજ થાંભલા કે તેના તાણીયા સાથે ઢોરને બાંધવા નહિ કે કપડા સૂકવવા માટે દોરી બાંધવી નહિ.
૪. ઈલેક્ટ્રિક શોકથી બચવા યોગ્ય ક્ષમતાની ISI માર્કવાળા RCCB/ELCB તેમજ ઓવરલોડ / શોર્ટ સર્કીટથી બચવા યોગ્ય ક્ષમતાની MCCB / ફ્યુઝ વાપરવા જરૂરી છે
૫. વાડી/ખેતરની ફરતે કે વીજલાઈનની નીચે સળંગ ધાતુની ફેન્સીંગ ન કરો તથા તેમાં વીજજોડાણમાંથી વીજ પ્રવાહ પ્રસારિત ન કરો, તે મુજબ વીજ પ્રવાહ પસાર કરવાથી કોઈ વન્ય પ્રાણી / મનુષ્યને વીજઅકસ્માત થઈ શકે છે.

**જિંદગી અમુલ્ય છે તેને જોખમમાં ન મુકો - સલામતી અપનાવો જિંદગી બચાવો.**

તા. ૧૭/૦૯/૨૦૨૬
મુખ્ય ઈજનેર (ટેક),
પીજીવીસીએલ, રાજકોટ

# ગજેરા કેમ્પસમાં ગણેશોત્સવનો પ્રારંભ: શિક્ષણ સાથે ભારતીય સંસ્કાર અને સંસ્કૃતિના સંવર્ધનનો સંદેશ

અમરેલી, તા. ૧૬



અમરેલીના જાણીતા શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ, વિદ્યાસભા ખાતે ભાદરવી ચોથના દિવસે ગણેશોત્સવનો ભક્તિ અને ઉત્સાહભર્યો પ્રારંભ કરવામાં આવ્યો હતો. કેમ્પસના બોયઝ હોસ્ટેલ તથા ગર્લ્સ હોસ્ટેલ ખાતે વિઘ્નહર્તા શ્રી ગણેશજીની સ્થાપના કરવામાં આવી હતી. ગણપતિ બાપ્પાના જયઘોષ સાથે વિદ્યાર્થીઓએ સામૂહિક આરતી કરી હતી. આ પ્રસંગે હોસ્ટેલના વિદ્યાર્થીઓ સાથે નિવાસી વિદ્યાર્થીઓ, પ્રિન્સિપાલ, સુપરવાઈઝર્સ, શિક્ષકગણ તથા નોન-ટીચિંગ સ્ટાફ સહિત સમગ્ર કેમ્પસ પરિવાર જોડાયો હતો. આ તકે વિદ્યાસભાના પ્રમુખ વસંતભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે, 'શિક્ષણની સાથે વિદ્યાર્થીઓમાં સંસ્કાર, શિસ્ત, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે ગૌરવ અને શ્રેષ્ઠ નાગરિક બનવાની ભાવના કેળવવી એ સંસ્થાની જવાબદારી છે.

ગણેશોત્સવ જેવા પર્વો વિદ્યાર્થીઓને આ મૂલ્યો સાથે જોડવાનું સુંદર માધ્યમ છે.' આગામી સાત દિવસ સુધી બંને હોસ્ટેલમાં વિદ્યાર્થીઓ દ્વારા સવાર-સાંજ આરતી કરાશે.

# ધારીમાં નિયમભંગ કરતા ૨૪ બાઈક ડિટેઈન કરાતા વાહનચાલકોમાં ફફડાટ

ધારી,તા.૧૬



તસવીર : સંજય વાળા

ધારી પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક સહિતના વિવિધ નિયમોનું ઉલ્લંઘન કરતા વાહનચાલકો સામે દંડાત્મક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ધારી પોલીસ વિભાગની સીધી દેખરેખ હેઠળ હાથ ધરાયેલી કામગીરી દરમિયાન નિયમોનો ભંગ કરતા ૨૪ બાઈક ડિટેઈન કરવામાં આવ્યા હતા. પોલીસની આ કામગીરીને પગલે નિયમોનું પાલન કર્યા વિના વાહન ચલાવતા વાહનચાલકોમાં ફફડાટ જોવા મળ્યો હતો. પોલીસ દ્વારા ડિટેઈન કરવામાં આવેલા વાહનોના માલિકો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ વિભાગ દ્વારા વાહનચાલકોને ટ્રાફિકના નિયમોનું પાલન કરવા તેમજ જરૂરી દસ્તાવેજો સાથે રાખીને વાહન ચલાવવા અપીલ કરવામાં આવી હતી. નિયમોનું પાલન ન કરનાર વાહનચાલકો સામે આગામી દિવસોમાં પણ કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે તેમ પોલીસ વિભાગ તરફથી જણાવાયું હતું.

# અમરેલી શહેરમાં ૨૧ વર્ષીય પરિણીતાએ ગળાફાંસો ખાતા મોત

અમરેલી, તા. ૧૬

અમરેલીમાં યુવાન પરિણીતાએ ગળાફાંસો ખાઈ લેતાં ચકચાર મચી ગઈ હતી. બનાવ સંદર્ભે નનકુભાઈ ભવાનભાઈ બોરીચા (ઉ.વ.૩૮)એ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની ક્રિષ્નાબેન નનકુભાઈ બોરીચા (ઉ.વ.૨૧)એ અગમ્ય કારણોસર પોતાના ઘરે પંખાના હુકમાં સાડી વડે ગળાફાંસો ખાઈ લીધો હતો, જેના કારણે તેમનું મોત નીપજ્યું હતું. યુવાન પરિણીતાએ કયા કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું તે જાણવા પોલીસે આગળની તજવીજ હાથ ધરી છે.

અમરેલી વિભાગના નાયબ પોલીસ અધિક્ષક ચિરાગ દેસાઈ વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના લાસા અને તાતણીયામાં 'બાળરંજન રંગારંગ સભા' યોજાઈ

ખાંભા, તા. ૧૬



ખાંભાના લાસા અને તાતણીયાની શાળામાં 'બાળ રંજન રંગારંગ સભા' કાર્યક્રમ યોજાયો હતો. ગુજરાતી સાહિત્ય પરિષદ અને સાંદીપનિ સાહિત્ય પર્વના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં વાર્તાકાર ધર્મેન્દ્રભાઈ કનાલાએ બાળગીતો, રસપ્રદ વાર્તાઓ અને ક્વિઝ સ્પર્ધા દ્વારા બાળકોનું મનોરંજન કરાવ્યું હતું. 'ઈરિયિયનો શ્રાપ', 'મધ લાગે મીઠું', 'એવી છે મારી મમ્મી', 'મોબાઈલની માથાકૂટ' અને 'કૌશલની બહાદુરી' જેવી વાર્તાઓ રજૂ કરવામાં આવી હતી. રાણી લક્ષ્મીબાઈ, છત્રપતિ શિવાજી મહારાજ અને મહારાણા પ્રતાપની શૌર્યગાથાઓ પણ સંભળાવવામાં આવી હતી. શાળાના પ્રિન્સિપાલ ઉર્વશીબેન, ઈન્દ્રવદનભાઈ રાવળ અને હસુભાઈ વણપરીયાએ સહયોગ આપ્યો હતો. બંને ગામના લોકોએ કાર્યક્રમને બિરદાવ્યો હતો.

# લાઠીના આંબરડી ગામે વાડીએ બે લોકોને ઈલેક્ટ્રિક શોક લાગ્યો

લાઠી, તા. ૧૬

લાઠીના આંબરડી ગામે વાડીમાં બે લોકોને ઝટકા મશીનનો ઈલેક્ટ્રિક શોક લાગ્યો હતો. બનાવ અંગે મૂળ દાહોદના ગરબાડા તાલુકાના જરીખરેલી ગામના બારિયા ફળિયાના અને હાલ આંબરડી ગામે વાડી વિસ્તારમાં રહેતા લાલાભાઈ ચકરાભાઈ ભાભોર (ઉ.વ. ૩૬)એ જાહેર કર્યા મુજબ, રાજુભાઈ કચરાભાઈ ભાભોર (ઉ.વ. ૨૧) તથા લક્ષ્મીબહેન હરિવંશરાય કચરાભાઈ ભાભોર (ઉ.વ. ૧૬)ને ઝટકા મશીનના વાયરનો ઈલેક્ટ્રિક શોક લાગ્યો હતો.

દામનગર પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.એમ. રાધનપરા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલામાં વડાપ્રધાન મોદીના જન્મ દિવસે 'આશીર્વાદના દીવા' કાર્યક્રમ યોજાશે

રાજુલા, તા. ૧૬




વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસની ઉજવણીના ભાગરૂપે રાજુલા નગરપાલિકા દ્વારા 'સેવા, સંસ્કૃતિ અને વિકસિત ભારતના સંકલ્પ'ની થીમ હેઠળ 'આશીર્વાદના દીવા' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ૧૭ સપ્ટેમ્બરે સાંજે ૫:૩૦ કલાકે નગરપાલિકાથી મારુતિધામ સુધી ભવ્ય રેલી યોજાશે. આ રેલીમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાશે. રેલી પૂર્ણ થયા બાદ સાંજે ૭:૦૦ કલાકે મારુતિધામ ખાતે મહાઆરતી યોજાશે. ત્યારબાદ સ્ટેજ કાર્યક્રમમાં 'નમો સેવા', 'અનકહી કહાનીઓ', સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ભજન કાર્યક્રમ યોજાશે. ઉપસ્થિત તમામ લોકો માટે પ્રસાદીનું પણ આયોજન કરવામાં આવ્યું છે. આ તકે નાગરિકો, મહાનુભાવો અને આમંત્રિત મહેમાનોની ઉપસ્થિતિમાં 'વિકસિત ભારત'ના સંકલ્પ લેવામાં આવશે.

# ગેસનો ચૂલો રિપેર કરાવવા જવાનું કહીને પરિણીતા બે સંતાનો સાથે ગુમ

**બગસરાના હાલરિયા ગામની ઘટના**

બગસરા, તા. ૧૬

બગસરાના હાલરિયા ગામેથી ગેસનો ચૂલો રિપેર કરાવવા જવાનું કહીને પરિણીતા બે સંતાનો સાથે ગુમ થઈ હતી. તમામની શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં આખરે પોલીસને જાણ કરાઈ હતી. વિપુલભાઈ દેવરાજભાઈ રાઠોડ (ઉ.વ. ૩૪) એ જાહેર કર્યા મુજબ, તેમનાં પત્ની સેજલબેન (ઉ.વ.૩૦) તા. ૧૨/૦૯/૨૦૨૬ના રોજ બપોરના આશરે અઢી વાગ્યે પોતાના બંને બાળકોને સાથે લઈ ગેસનો ચૂલો રિપેર કરાવવા જવાનું કહીને નીકળ્યા બાદ ગુમ થઈ ગયાં હતાં.

બગસરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.ડી. વાળા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના આંબરડી શાળામાં હિન્દી દિવસની ઉજવણી કરાઈ

સાવરકુંડલા, તા. ૧૬



સાવરકુંડલા તાલુકાના આંબરડી ગામે આવેલી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં હિન્દી દિવસ નિમિત્તે સાહિત્યિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓને હિન્દી સાહિત્યની સમૃદ્ધ પરંપરાથી માહિતગાર કરવાના હેતુથી યોજાયેલા કાર્યક્રમમાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે વિદ્યાર્થીઓએ પ્રેમચંદ, રામધારીસિંહ 'દિનકર' અને હરિવંશરાય બચ્ચન જેવા મહાન સર્જકોની કવિતાઓનું ભાવસભર પઠન કરી ભાષાપ્રેમની સુવાસ પ્રસરાવી હતી. હિન્દી વિષયના શિક્ષિકા પ્રજ્ઞાબેન મહેતાના માર્ગદર્શન હેઠળ કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. શાળાના આચાર્ય એમ.ડી. માલવિયા તથા મેનેજિંગ ટ્રસ્ટી દિપકભાઈ માલાણીએ સફળ આયોજન બદલ શિક્ષિકા અને ભાગ લેનાર વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી સાહિત્યિક પ્રવૃત્તિઓ માટે પ્રોત્સાહિત કર્યા હતા.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: છઠ્ઠ
તા.૧૭-૦૯-૨૦૨૬, ગુરુવાર, સૂર્યોદય-૦૬:૦૬,
સૂર્યાસ્ત-૦૬:૨૪, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: અનુરાધા

## દૈનિક રાશિફળ

તા. ૧૭-૦૯-૨૦૨૬ ગુરુવાર

મેષ: આજનો દિવસ મધ્યમ ફળદાયી રહેશે. કાર્યસ્થળમાં નુકસાન ટાળવા માટે, તમે ખૂબ વિચારપૂર્વક નિર્ણય લેશો, જે ભવિષ્યમાં પરિસ્થિતિને મજબૂત બનાવશે.

વૃષભ: આજે તમારા સારા કાર્યો તમારા અને તમારા પરિવારનું ગૌરવ વધારશે. તમને વ્યવસાયમાં તમારી નિર્ણય લેવાની ક્ષમતાનો લાભ પણ મળશે.

મિથુન: જો તમારું પ્રમોશન અટકેલું છે તો આજે તમને કેટલીક માહિતી મળી શકે છે. આ સિવાય તમે વરિષ્ઠ અધિકારીને વાણીથી આકર્ષિત કરી શકશો.

કર્ક: આજે તમે બાળકોના શ્રેષ્ઠ વર્તન અને તેમની સફળતાથી આનંદ મેળવશો. તમારા માતા-પિતાના આશીર્વાદ લીધા પછી ઘરની બહાર નીકળો, તમને કોઈ ખાસ સફળતા મળશે.

સિંહ: જો તમે વેપારી છો તો વ્યવસાયમાં કેટલાક નવા સકારાત્મક ફેરફારો થશે. નોકરી કરતા લોકોના અધિકારો વધશે, જે આર્થિક લાભ અને સન્માન આપશે.

કન્યા:જો કોઈ કેસ અથવા અન્ય કોઈ કાયદાકીય તપાસ ચાલી રહી છે તો સમય તમારા માટે અનુકૂળ નથી. વ્યવસાયમાં ઝડપી નિર્ણયો લેવામાં નિષ્ફળતા વિક્ષેપ અને કામ ગુમાવવાનું કારણ બની શકે છે.

તુલા:આજે તમે સ્વાસ્થ્યથી પરેશાન રહી શકો છો.જો તમે કોઈપણ નાણાકીય સંસ્થા અથવા વ્યક્તિ પાસેથી લોન લેવા માગતા હો તો તે સરળતાથી ઉપલબ્ધ થશે.

વૃશ્ચિક:આજે શારીરિક શક્તિ અને ઉત્સાહ વધુ રહેશે, પરંતુ આવા બિનજરૂરી ખર્ચો સામે આવશે, જે ઇચ્છા ન હોવા છતાં મજબૂરી હેઠળ કરવા પડશે.

ધન:આજનો દિવસ ગુરુ પ્રત્યે નિષ્ઠા અને ભક્તિથી ભરેલો રહેશે. આ સમયમાં આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે. તમારી બુદ્ધિ નવી શોધ કરવામાં વ્યસ્ત રહેશે, તમને અટકેલા પૈસા મળશે.

મકર:નોકરી કરતા લોકોના અધિકારોમાં વધારો થવાની સાથે જવાબદારીઓ પણ વધશે. તમે તમારી વૈભવી વસ્તુઓ માટે નાણા બગાડી શકો છો.

કુંભ:આજે તમારે ખાસ ધીરજથી કામ લેવું જોઈએ કારણકે ઉતાવળમાં કરેલા કામને કારણે નુકસાન થવાની સંભાવના રહેશે. ભૌતિક સુખ-સુવિધાઓમાં વધારો થશે.

મીન:આજે કોઈ કિંમતી વસ્તુથી લાભની શક્યતા રહેશે. નોકરી કરતા લોકોના ક્રમ અને અધિકારોમાં વધારો થશે. દુશ્મનો તમારી હિંમત અને શક્તિ સામે નમી જશે.

# સાવરકુંડલાના દેતડ ગામે દોલતી રોડ પર આડાસંબંધની આશંકામાં યુવક પર હુમલો

**આંબરડી ગામના બે લોકો સામે ફરિયાદ**

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલાના દેતડ ગામે દોલતી રોડ પર આડાસંબંધની આશંકામાં યુવક પર હુમલો કરવામાં આવ્યો હતો. બનાવ અંગે થોરડી ગામે રહેતા ઉજેફભાઈ રસુલભાઈ પરમાર (ઉ.વ. ૨૭)એ આંબરડી ગામના કુંદનબેન કેતનભાઈ ગોંડલીયા તથા કેતનભાઈ ગોંડલીયા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદ કરનારનો નાનો ભાઈ અયાન આંબરડી ગામે બેંકના કામ અર્થે ગયો હતો. આરોપીઓને તેમની દીકરીના અયાન સાથે આડા સંબંધ હોવાની શંકા હતી, જેથી તેમણે અયાન સાથે બોલાચાલી કરી હતી. ત્યારબાદ તેનો ભાઈ અયાન પોતાનું મોટરસાયકલ લઈને દેતડ ગામે દોલતી રોડે પહોંચ્યો હતો અને તેણે ઉજેફભાઈને ફોન કરીને ત્યાં બોલાવ્યા હતા. ઉજેફભાઈ ત્યાં પહોંચતા જ આરોપીઓએ પ્લાસ્ટિકના પાઈપ વડે તેમના માથામાં તથા વાંસાના ભાગે ઘા મારી મૂઢ ઈજા પહોંચાડી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ એસ.એ. મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં કેફી પીણું પી ટહેલતાં ડઝન શખસો ઝડપાયા

અમરેલી, તા. ૧૬

અમરેલી જિલ્લામાં વિવિધ સ્થળેથી ૧૨ લોકો કેફી પીણું પીધેલી હાલતમાં ફરતા મળી આવ્યા હતા.

પોલીસે આ તમામ સામે ગુનો નોંધી લોકઅપની હવા ખવરાવી હતી. આ સિવાય જિલ્લામાં અલગ-અલગ દરોડા દરમિયાન એક મહિલા સહિત નવ લોકો પાસેથી ૪૭ લિટર દેશી દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો.

# લાઠીના આસોદર ગામે તળાવમાં ડૂબી જતાં ૧૦ વર્ષની બાળકીનું મોત

લાઠી, તા. ૧૬

લાઠીના આસોદર ગામે તળાવમાં ડૂબી જતાં ૧૦ વર્ષની બાળકીનું મોત થયું હતું. મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુરના રહેવાસી અંતરબાઈ ધુલસીંગભાઈ મીનામાં (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, તેમની પુત્રી જેતાબેન મીનામાં (ઉ.વ.૧૦) તળાવમાં પડી જતાં ડૂબી જવાથી મોત નીપજ્યું હતું. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી.પી. ડોડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સાવરકુંડલાના થોરડી ગામના યુવક સામે સગીરાની છેડતીની ફરિયાદ

સાવરકુંડલા, તા. ૧૬

સાવરકુંડલાના થોરડી ગામના યુવક સામે સગીરાની છેડતીની ફરિયાદ નોંધાઈ હતી. બનાવ અંગે સગીરાની માતાએ અયાન રસુલભાઈ પરમાર સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમની સગીર દીકરીનો છેલ્લા બે વર્ષથી પીછો કરી હેરાન-પરેશાન કરતો હતો. ઉપરાંત તેમના ઘરે આવી તેમની દીકરીને ખરાબ ઈશારા કરી છેડતી કરી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પી.આઈ. પી.એલ. ચૌધરી વધુ તપાસ કરી રહ્યા છે.

# લાઠીમાં ટ્રાફિકની જૂની અદાવતમાં યુવક પર લાકડી વડે જીવલેણ હુમલો

**અપશબ્દો બોલી જાનથી મારી નાખવાની ધમકી**

લાઠી, તા. ૧૬

લાઠી-અમરેલી રોડ પર રક્ષાબંધનના તહેવાર દરમિયાન થયેલી સામાન્ય બોલાચાલીની અદાવત રાખી એક શખ્સે યુવકને રસ્તામાં આંતરી અપશબ્દો કહી વાંસની લાકડી વડે આડેધડ માર માર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. આ હુમલામાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને પગમાં ફ્રેક્ચર સહિતની ઈજાઓ પહોંચતા સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવ અંગે રાજાભાઈ ઉર્ફે રાજુભાઈ બેચરભાઈ પરમાર (ઉ.વ.૫૭)એ લાઠીના કરકોળિયા ગામે રહેતા માલદેવભાઈ ડેર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ રક્ષાબંધનના દિવસે તેઓ પોતાનું મોટરસાયકલ લઈને લાઠી જતા હતા. તે દરમિયાન લાઠી-અમરેલી રોડ પર આવેલા રામાપીરના મંદિર પાસે ટ્રાફિક સર્જાતા તેમણે બાઈક ઊભું રાખ્યું હતું. આ સમયે પાછળ રહેલી કારના ચાલકે સતત હોર્ન વગાડતાં તેમણે 'ટ્રાફિક હોવાથી ઊભા રહો' તેવો ઈશારો કર્યો હતો અને ટ્રાફિક હળવો થતાં કાર જવા દેવા જણાવ્યું હતું. જેથી કારચાલક માલદેવભાઈ ડેરે તેમની પાસે આવી, 'રાજુ, શું છે તારે?' કહી ત્રાંસી નજરે જોઈ ત્યાંથી નીકળી ગયો હતો.આ જૂની બાબતનો રાગદ્વેષ રાખી, તેઓ જ્યારે નળ ફિટિંગનો સામાન લઈને ઘર તરફ જઈ રહ્યા હતા ત્યારે લાઠી રજિસ્ટ્રાર કચેરી પાસે આરોપીએ તેમને રસ્તામાં રોક્યા હતા. રક્ષાબંધનના દિવસની બોલાચાલી યાદ કરાવી ગાળાગાળી શરૂ કરી હતી. તેમણે ગાળો બોલવાની ના પાડતાં આરોપીએ પોતાના મોટરસાયકલમાંથી વાંસની લાકડી કાઢી તેમને ફટકાર્યા હતા. લાકડી વડે જમણા હાથની કોણી તેમજ સાથળના ભાગે ઘા મારતા તેઓ જમીન પર પટકાઈ પડ્યા હતા. ત્યારબાદ પણ આરોપીએ બંને પગના ભાગે આડેધડ માર મારવાનું ચાલુ રાખ્યું હતું. તેમણે બૂમાબૂમ કરતાં આરોપી લાકડી ત્યાં જ ફેંકી, 'ફરી સામે મળીશ તો જાનથી મારી નાખીશ' તેવી ધમકી આપી ફરાર થઈ ગયો હતો.

અમરેલી એસસી-એસટી સેલના નાયબ પોલીસ અધિક્ષક પી.આર. રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

તંત્રી લેખ

# અણગમતા કચરામાંથી કરોડો રૂપિયાની કમાણી

સામાન્ય માણસના ઘરથી લઈને સરકારી કચેરીઓ સુધી અનેક સ્થળોએ સ્વચ્છતાના અભાવની સમસ્યા જોવા મળે છે. જોકે, કેન્દ્ર સરકારે સરકારી કચેરીઓથી જ સ્વચ્છતા અભિયાનને વેગ આપ્યો છે. જૂની ફાઈલો, તૂટેલું ફર્નિચર, બંધ પડેલા કોમ્પ્યુટર, લોખંડના કબાટ સહિતના ભંગારનો નિકાલ શરૂ કરવામાં આવ્યો છે. તેના પરિણામે સરકારને કરોડો રૂપિયાની આવક પણ થઈ રહી છે. સરકારી કચેરીઓમાં વર્ષોથી પડેલો ભંગાર જગ્યાનો બોજ બન્યો હતો. જૂની ફાઈલોનો ઢગલો, તૂટેલી ખુરશીઓ, બંધ પડેલા કોમ્પ્યુટર અને કાટ ખાધેલા લોખંડના કબાટ સહિતનો સામાન જગ્યા રોકતો હતો. હવે આ જ નકામો સામાન સરકાર માટે આવકનું સાધન બન્યો છે. કેન્દ્ર સરકારે છેલ્લા પાંચ વર્ષમાં ભંગારના નિકાલથી રૂ. ૫,૧૦૨.૯૧ કરોડની આવક મેળવી છે. કેન્દ્રીય કાર્મિક અને તાલીમ મંત્રાલયે મંગળવારે આ માહિતી આપી હતી. વર્ષ ૨૦૨૧થી કેન્દ્ર સરકારે વિશેષ સ્વચ્છતા અભિયાન શરૂ કર્યું હતું. તેનો મુખ્ય હેતુ સરકારી કચેરીઓમાં સ્વચ્છતાને કાયમી વ્યવસ્થાનો ભાગ બનાવવાનો અને પડતર કામો ઘટાડવાનો હતો. અત્યાર સુધીમાં અભિયાનના પાંચ તબક્કા પૂર્ણ થયા છે. જુલાઈ ૨૦૨૬ સુધી દર મહિને સચિવાલય સ્તરે તેની સમીક્ષા કરવામાં આવી હતી. સતત દેખરેખના કારણે આ અભિયાન માત્ર કાગળ પર ન રહેતાં તેની અસર સરકારી કચેરીઓમાં જોવા મળી છે. આ સમયગાળા દરમિયાન ૨૪.૨૦ લાખથી વધુ સ્થળોને સ્વચ્છતા અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. જૂની અને ઉપયોગમાં ન હોય તેવી ફાઈલોનો નિયમ મુજબ નિકાલ કરવામાં આવ્યો હતો. કેટલીક ફાઈલોને ડિજિટલ સ્વરૂપમાં રૂપાંતરિત કર્યા બાદ મૂળ કાગળોનો નિકાલ કરવામાં આવ્યો હતો. પરિણામે ૧૮૦.૪૮ લાખથી વધુ ફાઈલોનો નિકાલ થયો છે. ફાઈલોના ઢગલા ઘટતાં કર્મચારીઓને પણ રાહત મળી છે અને કચેરીઓમાં જરૂરી દસ્તાવેજો શોધવામાં લાગતો સમય ઓછો થયો છે. અભિયાનના પાંચમા તબક્કામાં કામગીરીને વધુ વેગ મળ્યો હતો. આ તબક્કામાં જ ૧૧.૬૦ લાખ સ્થળોની સફાઈ કરવામાં આવી હતી અને ૨૯.૫૨ લાખ ફાઈલોનો નિકાલ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૨૩૩.૭૫ લાખ ચોરસ ફૂટ જેટલી ઓફિસની જગ્યા ખાલી કરવામાં આવી હતી. ખાલી થયેલી જગ્યાનો ઉપયોગ કચેરીઓની વ્યવસ્થા સુધારવા, કર્મચારીઓ માટે બેઠક વ્યવસ્થા કરવા અથવા અન્ય વહીવટી કામગીરી માટે થઈ શકે છે. આ તબક્કામાં ભંગારના વેચાણથી રૂ. ૮૩૩.૯૨ કરોડની આવક થઈ હતી. ભંગારમાં લોખંડ, કાગળ, પ્લાસ્ટિક, લાકડું અને ઈલેક્ટ્રોનિક કચરાનો સમાવેશ થાય છે. તેનો નિયમ મુજબ નિકાલ કરીને જાહેર હરાજી મારફતે વેચાણ કરવામાં આવ્યું હતું. આ રીતે મળેલી આવક કરવેરામાંથી નહીં, પરંતુ નકામા સામાનના નિકાલમાંથી મળી છે. તેથી આ કામગીરીને 'વેસ્ટ ટુ વેલ્થ'ની પહેલ તરીકે જોવામાં આવી રહી છે. કાગળના રિસાયક્લિંગથી કુદરતી સંસાધનોનું સંરક્ષણ થાય છે, જ્યારે લોખંડ સહિતની સામગ્રીના પુનઃઉપયોગથી સંસાધનોનો બગાડ ઘટાડી શકાય છે. સ્વચ્છતા અભિયાનનો લાભ માત્ર જગ્યા ખાલી કરવા પૂરતો મર્યાદિત રહ્યો નથી. જૂની ફાઈલોની ચકાસણી દરમિયાન અનેક પડતર બાબતો અને લાંબા સમયથી અટકેલા કામો પણ સામે આવ્યા હતા. પરિણામે વિવિધ નિર્ણયો ઝડપથી લેવામાં આવ્યા અને વહીવટી કામગીરીમાં ગતિ આવી. આ અભિયાનમાંથી અન્ય સરકારી કચેરીઓ, રાજ્ય સરકારો, નગરપાલિકાઓ, પંચાયતો તેમજ મોટી સંસ્થાઓ પણ પ્રેરણા લઈ શકે છે. આયોજનબધ્ધ રીતે ભંગારનો નિકાલ કરવામાં આવે તો એક તરફ કચેરીઓ સ્વચ્છ બને છે.

# સોવિયેત યુનિયનની જેમ હવે બ્રિટનના પણ ટૂકડા થશે

પ્રાસંગિક


સુરેશ દેસાઈ

એક સમયે બ્રિટિશ સામ્રાજ્ય એટલું વિશાળ હતું કે કહેવાતું હતું કે બ્રિટનનો સૂરજ ક્યારેય આથમતો નથી. દુનિયાના અનેક દેશો પર બ્રિટિશ શાસન હતું અને ભારત સહિતના દેશોના રાજકીય ભવિષ્ય પર પણ બ્રિટનની ઊંડી અસર રહી હતી. પરંતુ ઈતિહાસનું ચક્ર સતત બદલાતું રહે છે. આજે બ્રિટન પોતે જ તેની આંતરિક એકતા અને બંધારણીય વ્યવસ્થાને લઈને પડકારોનો સામનો કરી રહ્યું છે. સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્થ આયર્લેન્ડમાં પોતાની અલગ ઓળખ, વધુ સત્તા અને કેટલાક વર્ગોમાં સ્વતંત્રતાની માંગ સતત ચર્ચાનો વિષય બની રહી છે. યુનાઈટેડ કિંગડમ એટલે માત્ર ઈંગ્લેન્ડ નહીં. તેમાં ઈંગ્લેન્ડ ઉપરાંત સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્થ આયર્લેન્ડનો સમાવેશ થાય છે. આ ચારેય પ્રદેશો એક જ રાજ્યનો ભાગ હોવા છતાં તેમની પોતાની ઐતિહાસિક ઓળખ, સંસ્કૃતિ અને રાજકીય પરંપરાઓ છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં આ પ્રદેશોને વધુ સ્થાનિક સત્તા આપવામાં આવી છે. જોકે, સત્તાના વિકેન્દ્રીકરણથી એકતા મજબૂત થશે તેવી અપેક્ષા વચ્ચે કેટલાક વિસ્તારોમાં પોતાની રાજકીય ઓળખ અને સ્વનિર્ણયની માંગ વધુ સ્પષ્ટ બની છે. આ પરિસ્થિતિ સમજવા માટે ઈતિહાસ પર નજર કરવી જરૂરી છે. સ્કોટલેન્ડ એક સમયે સ્વતંત્ર રાજ્ય હતું. ઈંગ્લેન્ડ સાથેના રાજકીય જોડાણ બાદ બંને મળીને બ્રિટિશ રાજ્યની રચનાનો ભાગ બન્યા. તેમ છતાં સ્કોટિશ લોકોમાં પોતાની અલગ રાષ્ટ્રીય ઓળખ, સંસ્કૃતિ અને પરંપરાઓ પ્રત્યેનું જોડાણ આજે પણ મજબૂત છે. વેલ્સની પણ પોતાની ભાષા અને સાંસ્કૃતિક પરંપરા છે. નોર્થ આયર્લેન્ડનો પ્રશ્ન તો વધુ જટિલ છે, કારણ કે તે આયર્લેન્ડના ટાપુના રાજકીય વિભાજન સાથે જોડાયેલો છે. બ્રિટનમાં 'ડિવોલ્યુશન' એટલે સત્તાના વિકેન્દ્રીકરણની પ્રક્રિયા હેઠળ સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્થ આયર્લેન્ડને પોતાની સ્થાનિક સંસદ અને સરકારોની વ્યવસ્થા આપવામાં આવી છે. શિક્ષણ, આરોગ્ય, પરિવહન સહિતના અનેક સ્થાનિક વિષયો પર આ સંસ્થાઓને સત્તા આપવામાં આવી છે. તેનો હેતુ સ્થાનિક લોકોના પ્રશ્નોનું સ્થાનિક સ્તરે નિરાકરણ લાવવાનો હતો. પરંતુ આ વ્યવસ્થાએ પ્રદેશોને પોતાની રાજકીય ઓળખ વ્યક્ત કરવા માટે વધુ મજબૂત મંચ પણ આપ્યો છે. સ્કોટલેન્ડમાં સ્વતંત્રતાનો પ્રશ્ન સૌથી વધુ ચર્ચિત રહ્યો છે. સ્કોટિશ નેશનલ પાર્ટી સહિતના રાજકીય પક્ષો લાંબા સમયથી સ્કોટલેન્ડને વધુ સત્તા અથવા સંપૂર્ણ સ્વતંત્રતા આપવાની માંગ કરતા રહ્યા છે. ૨૦૧૪માં સ્કોટલેન્ડમાં યુનાઈટેડ કિંગડમથી અલગ થવા અંગે લોકમત યોજાયો હતો. તેમાં બહુમતી મતદાતાઓએ યુકેમાં રહેવાની તરફેણ કરી હતી. જોકે, આ મુદ્દો ત્યાં પૂરો થયો નથી. ત્યારબાદ બ્રેક્ઝિટે રાજકીય ચર્ચાને વધુ જટિલ બનાવી. ૨૦૧૬ના જનમતમાં યુનાઈટેડ કિંગડમના યુરોપિયન યુનિયનમાંથી બહાર નીકળવાના નિર્ણયને મંજૂરી મળી હતી. સ્કોટલેન્ડમાં જોકે બહુમતી મતદાતાઓએ યુરોપિયન યુનિયનમાં રહેવાની તરફેણ કરી હતી. પરિણામે સ્કોટલેન્ડમાં એવો રાજકીય દાવો ઉઠ્યો કે તેના મત અને ઈંગ્લેન્ડના મત વચ્ચે મહત્વપૂર્ણ તફાવત હોવા છતાં સમગ્ર યુકે માટે એક જ નિર્ણય લાગુ થયો. આ મુદ્દાએ સ્વતંત્રતાની ચર્ચાને ફરી વેગ આપ્યો. વેલ્સમાં પણ પોતાની ઓળખ અને સત્તા અંગેની ચર્ચા ચાલી રહી છે. વેલ્સ ભાષા અને સંસ્કૃતિને લઈને ત્યાં લાંબા સમયથી જાગૃતિ જોવા મળે છે. પ્લાઈડ કમરી જેવા રાષ્ટ્રવાદી પક્ષો વેલ્સને વધુ સત્તા આપવાની સાથે સ્વતંત્રતાના વિકલ્પ અંગે પણ ચર્ચા કરતા રહ્યા છે. જોકે, વેલ્સમાં સ્વતંત્રતા માટેનો રાજકીય સમર્થન સ્કોટલેન્ડની તુલનામાં અલગ પ્રકારનો અને પ્રમાણમાં મર્યાદિત રહ્યો છે. તેથી વેલ્સનું ભવિષ્ય પણ રાજકીય પરિસ્થિતિ, મતદારોની પસંદગી અને સત્તાના વિકેન્દ્રીકરણ અંગેની ચર્ચા પર નિર્ભર રહેશે. નોર્થ આયર્લેન્ડનો મુદ્દો અલગ પ્રકારનો છે. નોર્થ આયર્લેન્ડ યુનાઈટેડ કિંગડમનો ભાગ છે, જ્યારે આયર્લેન્ડ રિપબ્લિક સ્વતંત્ર દેશ છે. બંને વચ્ચેનો સંબંધ લાંબા સમય સુધી રાજકીય અને સામાજિક તણાવથી ભરેલો રહ્યો હતો. 'ધ ટ્રબલ્સ' તરીકે ઓળખાતા સંઘર્ષ દરમિયાન વર્ષો સુધી હિંસા થઈ અને મોટી સંખ્યામાં લોકોનાં મોત થયા. ૧૯૯૮ના ગુડ ફ્રાઈડે કરાર પછી પરિસ્થિતિમાં નોંધપાત્ર ફેરફાર આવ્યો અને સત્તા વહેંચણીની વ્યવસ્થા ઊભી થઈ. બ્રેક્ઝિટ બાદ નોર્થ આયર્લેન્ડની સ્થિતિ ફરી ચર્ચામાં આવી. યુકેના યુરોપિયન યુનિયનમાંથી બહાર નીકળ્યા બાદ નોર્થ આયર્લેન્ડ અને આયર્લેન્ડ રિપબ્લિક વચ્ચે વેપાર અને સરહદી વ્યવસ્થાને લઈને નવા નિયમો બનાવાયા. નોર્થ આયર્લેન્ડમાં એક વર્ગ બ્રિટન સાથે જોડાણ જાળવી રાખવા માગે છે, જ્યારે બીજો વર્ગ સમગ્ર આયર્લેન્ડના એકીકરણની તરફેણ કરે છે. ભવિષ્યમાં આ મુદ્દે કોઈપણ મોટો બંધારણીય ફેરફાર લોકમત અને રાજકીય પ્રક્રિયા દ્વારા જ નક્કી થવાનો છે. ભારત સાથે બ્રિટનના ઈતિહાસને જોતા આ સ્થિતિ અનેક લોકો માટે રસપ્રદ ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય ઊભો કરે છે. બ્રિટિશ શાસન દરમિયાન ભારતની રાજકીય વ્યવસ્થા અને સમાજ પર ઊંડી અસર પડી હતી. ૧૯૪૭માં ભારતના વિભાજન સાથે ભારત અને પાકિસ્તાન બે અલગ દેશો બન્યા. વિભાજન દરમિયાન વ્યાપક હિંસા અને માનવીય સ્થળાંતર થયું હતું. આ ઘટનાની પીડા અને તેની ઐતિહાસિક અસર આજે પણ ચર્ચામાં છે. જોકે, બ્રિટનના આજના આંતરિક રાજકીય પ્રશ્નોને ભારતના વિભાજન સાથે સીધી રીતે સમાન ગણવાને બદલે બંનેને તેમના અલગ ઐતિહાસિક સંદર્ભમાં સમજવા જરૂરી છે. બ્રિટનની કેન્દ્ર સરકાર માટે સૌથી મોટો પ્રશ્ન એ છે કે અલગ અલગ પ્રદેશોની ઓળખ અને વધુ સ્વાયત્તતાની માંગ વચ્ચે સમગ્ર યુનાઈટેડ કિંગડમની રાજકીય એકતા કેવી રીતે જાળવવી. લંડન તરફથી એકતાની તરફેણમાં આર્થિક સહકાર, સંયુક્ત સંરક્ષણ, વિદેશ નીતિ અને મોટા બજાર જેવા મુદ્દાઓ રજૂ કરવામાં આવે છે. બીજી તરફ પ્રાદેશિક પક્ષો સ્થાનિક નિર્ણયક્ષમતા, સાંસ્કૃતિક ઓળખ અને પોતાના સંસાધનો અંગે વધુ નિયંત્રણની દલીલ કરે છે. આ સમગ્ર પરિસ્થિતિમાં સામાન્ય નાગરિકોની ભૂમિકા પણ મહત્વપૂર્ણ છે. ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, વેલ્સ અને નોર્થ આયર્લેન્ડના લોકોની રાજકીય પસંદગીઓ એકસરખી નથી. દરેક પ્રદેશમાં એકતા, સ્વાયત્તતા અને સ્વતંત્રતા અંગે અલગ અલગ મતપ્રવાહ છે. તેથી બ્રિટનનું ભવિષ્ય કોઈ એક રાજકીય પક્ષ કે નેતાના નિર્ણયથી નહીં, પરંતુ લોકશાહી પ્રક્રિયા, ચૂંટણી, લોકમત, વાટાઘાટો અને બંધારણીય વ્યવસ્થાના વિકાસથી નક્કી થશે. આગામી વર્ષોમાં સ્કોટલેન્ડની સ્વતંત્રતાની માંગ, વેલ્સમાં વધતી રાષ્ટ્રીય ઓળખ અને નોર્થ આયર્લેન્ડમાં આયર્લેન્ડ સાથેના સંબંધ અંગેની ચર્ચા બ્રિટિશ રાજકારણના મહત્વના મુદ્દા રહેશે. એક સમયે વિશ્વના વિશાળ સામ્રાજ્યનું કેન્દ્ર રહેલું બ્રિટન આજે પોતાની આંતરિક રચના અંગે નવી ચર્ચામાં છે. ઈતિહાસ બતાવે છે કે કોઈપણ રાજકીય વ્યવસ્થા કાયમી નથી. સમય સાથે સત્તા, ઓળખ અને લોકોની અપેક્ષાઓ બદલાય છે. બ્રિટનની એકતા કઈ દિશામાં આગળ વધશે તે લોકશાહી પ્રક્રિયા અને ત્યાંના લોકોના નિર્ણયોથી નક્કી થશે.




**વિશ્વની અંદર સૌથી મોટો દેશ એક સમયે સોવિયેત દેશ હતો. વિસ્તારની દ્રષ્ટિએ તે વિશ્વનો સૌથી મોટો દેશ હતો. તેનાં અનેક ટુકડા થઈ ગયા. આવી જ રીતે બ્રિટન પણ ટુકડાઓમાં વિભાજીત થઈ રહ્યું છે.**

## શબ્દ સંજોગ-૨૨૬૫



**આડી ચાવી :**

(૧) અર્જુન અને સુભદ્રાનો પુત્ર (૪)
(૩) રમણભમણ, તોફાન (૪)
(૫) બાવાઓ માથે રાખે છે તે કે તેવુ કેશનુ (૨)
(૬) ઠીંગણુ (૩)
(૮) જીંદગી.... કા ગીત હૈ...... (૨)
(૯) મોટી નદી (૨)
(૧૦) જમીનજાગીરની ઉપજ (૩)
(૧૨) કિનારો, તટ (૨)
(૧૪) જોવુ તે, દ્રષ્ટિ (૩)
(૧૬) ઠઠારો, ભપકો (૨)
(૧૮) ઉત્તમ (૩)
(૨૦) જાનકી, સીતા (૫)
(૨૩) બળવાની ક્રીયા (૩)
(૨૬) એક મીઠાઈ (૩)
(૨૭) અલ્હાબાદ હવે આ નામે ઓળખાય છે (૫)

**ઉભી ચાવી :**

(૧) કોર વિનાની શાલ, કામળી (૪)
(૨) ઘર, ઈમારત (૩)
(૩) ઝુંડ, સમૂહ (૨)
(૪) ગુજરાતનો એક જિલ્લો (૫)
(૫) સ્વર્ગ, જિન્નત (૩)
(૭) કામ, કામદેવ (૩)
(૧૦) વરદાન (૨)
(૧૧) શહેર (૩)
(૧૩) અભણ, ગમાર (૨)
(૧૫) બાપ (૩)
(૧૭) મક્કાની જાત્રા (૨)
(૧૮) સરનામુ (હિન્દીમાં) (૨)
(૧૯)હાથીના ગંડસ્થળમાંથી ઝરતો રસ (૨)
(૨૧) ઉંટની નાથ (૩)
(૨૨) દેવ (૨)
(૨૪)સુરત જીલ્લામાં આવેલુ બંદર (૩)
(૨૫) મમતા સ્નેહ (૨)

## શબ્દ સંજોગ-૨૨૬૪ જવાબ

**આડી ચાવી:** (૧) ભૂગોળ (૩) ખેવના (૬) વૃંદ (૭) રંગીન (૯) રજત (૧૧) સગીર (૧૨) મબલક (૧૫) નાયક (૧૭) સંકેત (૧૯) સારસ (૨૧) સાન (૨૨) મસવભા(સમભાવ) (૨૪) તાનસેન (૨૬) સીવણ (૨૭) નામના.
**ઉભી ચાવી:** (૧) ગોરજ (૩) ખેદ (૪) નારંગી (૫) સોન (૮) ગીર (૯) રચના (૧૦) તમક (૧૧) સક(કસ) (૧૩) લવર (૧૪) લત (૧૬) યવન (૧૮) કેશલ (૧૯) સામાન (૨૦) સમન(સનમ) (૨૧) સાણસી (૨૩) ભાવના (૨૪) તાણ (૨૫) સેર.

# સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

| રાજકોટ | | |
|---|---|---|
| કપાસ બી.ટી. | ૧૭૨૫ | ૧૯૭૫ |
| ઘઉં લોકવન | ૫૫૮ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૫૬૦ | ૬૪૦ |
| જુવાર સફેદ | ૧૧૦૮ | ૧૨૨૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૪૯૨ |
| બાજરી | ૩૯૬ | ૪૨૬ |
| મકાઇ | ૪૫૦ | ૫૦૫ |
| તુવેર | ૧૨૨૧ | ૧૭૩૦ |
| ચણા પીળા | ૧૧૫૦ | ૧૨૮૦ |
| ચણા સફેદ | ૧૩૦૦ | ૧૮૯૭ |
| અડદ | ૧૧૧૫ | ૧૮૬૪ |
| મગ | ૧૧૪૦ | ૧૬૦૭ |
| વાલ દેશી | ૭૦૦ | ૧૦૭૫ |
| ચોળી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| વટાણા | ૬૦૦ | ૯૨૮ |
| કળથી | ૫૫૧ | ૫૫૧ |
| રાજમા | ૧૦૦૦ | ૧૭૦૦ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૨૧૬૦ |
| મગફળી જાડી | ૧૨૧૧ | ૧૬૬૦ |
| મગફળી જીણી | ૧૨૦૫ | ૧૬૬૫ |
| તલી | ૧૯૯૦ | ૨૫૭૨ |
| સુરજમુખી | ૧૧૫૬ | ૧૧૫૬ |
| એરંડા | ૧૩૭૫ | ૧૪૫૦ |
| અજમો | ૨૧૪૦ | ૩૩૭૧ |
| સુવા | ૪૦૦ | ૪૦૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૫૬ |
| સીંગફાડા | ૧૧૫૦ | ૧૮૫૦ |
| કાળા તલ | ૨૪૦૦ | ૩૫૪૦ |
| લસણ | ૧૧૨૫ | ૨૨૪૦ |
| ધાણા | ૨૦૫૦ | ૨૩૭૫ |
| ધાણી | ૧૯૦૦ | ૨૮૮૦ |
| વરીયાળી | ૧૬૦૦ | ૨૧૦૦ |
| જીરૂ | ૩૬૨૦ | ૪૦૭૦ |
| રાય | ૧૩૬૦ | ૧૭૮૫ |
| મેથી | ૧૨૬૦ | ૧૭૦૦ |
| કલોંજી | ૩૭૦૦ | ૪૧૭૬ |
| રાયડો | ૧૨૬૦ | ૧૫૧૪ |
| રજકાનું બી | ૮૦૦૦ | ૯૮૦૦ |
| ગુવારનું બી | ૧૧૦૦ | ૧૨૩૦ |

| રાજકોટ (શાકભાજી) | | |
|---|---|---|
| લીંબુ | ૧૯૯૬ | ૩૯૭૮ |
| પપૈયા | ૨૦૧ | ૪૧૨ |
| બટેટા | ૮૯ | ૨૯૬ |
| ડુંગળી સુકી | ૩૨૧ | ૮૪૫ |
| ટમેટા | ૨૧૧ | ૪૦૭ |
| સુરણ | ૪૪૫ | ૬૬૪ |
| કોથમરી | ૨૪૫ | ૪૧૩ |
| મુળા | ૧૫૯ | ૩૬૨ |
| રીંગણા | ૧૧૫ | ૨૩૪ |
| કોબીજ | ૧૪૦ | ૨૧૯ |
| ફ્લાવર | ૨૨૧ | ૪૩૧ |
| ભીંડો | ૩૯૧ | ૫૬૪ |
| ગુવાર | ૫૦૭ | ૬૨૧ |
| ચોળાસીંગ | ૩૨૪ | ૪૪૮ |
| વાલોળ | ૩૧૪ | ૪૨૬ |
| ટીંડોળા | ૩૦૫ | ૬૧૮ |
| દુધી | ૪૩ | ૬૫ |
| કારેલા | ૮૫ | ૧૯૧ |
| સરગવો | ૫૩૯ | ૧૧૦૨ |
| તુરીયા | ૧૯૧ | ૩૦૩ |
| પરવર | ૩૭૮ | ૫૯૨ |
| કાકડી | ૩૦૭ | ૫૨૨ |
| ગાજર | ૨૨૬ | ૪૩૪ |
| વટાણા | ૧૬૩૬ | ૨૨૪૪ |
| કંટોળા | ૧૦૨૧ | ૧૨૩૪ |
| ગલકા | ૧૦૭ | ૨૧૧ |
| બીટ | ૩૧૪ | ૫૨૧ |
| મેથી | ૩૮૯ | ૭૮૯ |
| વાલ | ૩૩૨ | ૪૨૭ |
| ડુંગળી લીલી | ૨૦૭ | ૩૪૮ |
| આદુ | ૧૨૨૫ | ૩૦૨૮ |
| મરચા લીલા | ૧૧૫ | ૨૨૮ |
| લસણ લીલું | ૧૩૧૩ | ૧૯૯૫ |
| મગફળી લીલી | ૫૦૭ | ૮૧૧ |
| મકાઇ લીલી | ૧૫૮ | ૩૧૮ |

| ગોંડલ (શાકભાજી) | | |
|---|---|---|
| ટમેટા | ૧૮૦ | ૫૦૦ |
| મરચા | ૬૦ | ૬૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૧૪૦૦ |
| કોબી | ૧૦૦ | ૪૦૦ |
| દુધી | ૨૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૫૦ | ૬૦૦ |
| કાકડી | ૪૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦ | ૨૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૬૦૦ |
| ગલકા | ૨૦ | ૨૪૦ |
| ગાજર | ૨૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૧૦૦ | ૭૦૦ |
| વાલ | ૧૮૦ | ૬૦૦ |
| વટાણા | ૧૬૦૦ | ૨૬૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૬૦ |
| લીલી હળદર | ૮૦૦ | ૧૬૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૦ |
| કોથમીર પુરા | ૧ | ૧૦ |
| મૂળા પુરા | ૫ | ૭ |
| ફોદીનો પુરા | ૫ | ૬ |
| કાચા કેળા | ૩૦૦ | ૪૦૦ |
| પરવર | ૮૦૦ | ૧૦૦૦ |
| ગુંદા | ૮૦૦ | ૧૨૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૫૪૦૦ |
| મેથી પુરા | ૧ | ૧૨ |
| બીટ પુરા | ૫ | ૨૦ |
| ચોરા | ૮૦ | ૬૦૦ |
| કારેલા | ૨૦ | ૨૪૦ |
| વાલોર | ૪૦ | ૪૦૦ |
| મગફળી લીલી | ૪૦૦ | ૬૪૦ |
| કાચા પોપૈયા | ૪૦ | ૪૦૦ |
| આદુ | ૧૮૦ | ૧૬૦૦ |
| ફણશી | ૧૮૦૦ | ૨૬૦૦ |
| મકાઈ ડોડા | ૧૪૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૫ | ૧૨ |
| પાલક પુરા | ૨ | ૬ |

| અમરેલી | | |
|---|---|---|
| શિંગ મોટી | ૯૧૫ | ૧૩૮૫ |
| શિંગદાણા | ૧૩૭૦ | ૨૦૮૦ |
| તલ સફેદ | ૧૭૦૦ | ૨૫૪૦ |
| તલ કાળા | ૧૭૦૫ | ૩૬૭૦ |
| તલ કાશમીરી | ૧૨૪૦ | ૨૪૩૫ |
| બાજરો | ૩૨૫ | ૪૬૫ |
| જુવાર | ૧૩૪૦ | ૧૪૦૦ |
| ઘઉં ટુકડા | ૫૨૦ | ૬૫૦ |
| ઘઉં લોકવન | ૫૩૫ | ૫૯૦ |
| ચણા | ૧૦૭૦ | ૧૩૦૫ |
| તુવેર | ૧૨૯૦ | ૧૫૫૦ |
| કપાસ | ૮૦૦ | ૨૦૫૦ |
| એરંડા | ૧૨૩૦ | ૧૪૦૫ |
| જીરૂ | ૩૫૩૦ | ૩૬૨૦ |
| ધાણી | ૧૪૩૦ | ૨૯૦૦ |
| મેથી | ૧૦૦૦ | ૧૪૦૦ |

| અમરેલી (શાકભાજી) | | |
|---|---|---|
| બટેટા | ૧૯૦ | ૨૫૦ |
| રીંગણા | ૧૦૦ | ૨૦૦ |
| ફ્લાવર | ૨૫૦ | ૪૦૦ |
| કોબીજ | ૨૦૦ | ૩૧૦ |
| શકકરીયા | ૯૦૦ | ૧૦૦૦ |
| ટમેટાં | ૫૦૦ | ૫૫૦ |
| સુરણ | ૯૫૦ | ૧૦૫૦ |
| ગાજર | ૪૫૦ | ૫૫૦ |
| દુધી | ૧૦૦ | ૧૬૦ |
| કારેલા | ૧૨૦ | ૧૯૦ |
| ગલકા | ૩૦૦ | ૪૦૦ |
| મૂળા | ૧૦૦ | ૨૦૦ |
| કાકડી | ૩૫૦ | ૬૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૮૦૦ |
| વાલોળ | ૨૨૦ | ૩૩૦ |
| વટાણા | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ચોળા લીલા | ૫૦૦ | ૬૦૦ |
| તુરીયા | ૩૦૦ | ૪૦૦ |
| શીંગઓળા | ૮૦૦ | ૯૦૦ |
| ચીભડા | ૪૦૦ | ૭૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૪૦૦ |
| હળદર લીલી | ૧૪૦૦ | ૧૫૨૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| કોથમીર | ૧૫૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૬૦૦ | ૭૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૫૫૦ | ૬૫૦ |
| બીટ | ૫૫૦ | ૬૫૦ |
| લીલી તુવેર | ૬૦૦ | ૭૦૦ |
| સરગવો | ૧૦૫૦ | ૧૧૮૦ |
| લીમડો મીઠો | ૧૮૦ | ૨૦૦ |
| મરચાં લીલાં | ૨૦૦ | ૩૦૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૪૨૦ | ૫૩૦ |
| ડુંગળી સુકી | ૫૦૦ | ૭૭૦ |
| લસણ લીલું | ૩૦૦૦ | ૩૫૦૦ |
| લસણ સુકું | ૧૪૫૦ | ૨૪૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૦૦ |
| લીબુ | ૨૮૦૦ | ૩૬૦૦ |
| મકાઈ | ૨૩૦ | ૩૬૦ |

| સાવરકુંડલા | | |
|---|---|---|
| શીંગ જીણી | ૧૨૫૦ | ૧૪૨૧ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૩૧ |
| તલ કાળા | ૩૦૦૦ | ૩૫૦૮ |
| કપાસ | ૧૮૫૦ | ૨૦૩૧ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૫૬૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૭૦ |
| બાજરો | ૪૦૦ | ૪૬૫ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૭૦ |
| તુવેર | ૧૩૫૦ | ૧૫૨૦ |
| એરડી | ૧૩૫૦ | ૧૪૫૦ |

| ધારી | | |
|---|---|---|
| કપાસ | ૧૮૨૦ | ૧૯૫૦ |
| ઘઉં લોકવન | ૫૩૪ | ૫૭૦ |
| ધાણા | ૨૮૨૦ | ૨૮૨૦ |
| એરંડા | ૧૩૧૦ | ૧૩૭૦ |
| કલોંજી | ૩૮૫૧ | ૩૮૫૧ |
| તલ | ૧૭૫૦ | ૧૭૫૦ |
| વાલ | ૭૫૧ | ૭૫૧ |
| સોયાબીન | ૧૧૦૧ | ૧૧૦૧ |

| બગસરા | | |
|---|---|---|
| કપાસ | ૧૯૪૩ | ૨૦૫૭ |
| ઘઉ લોકવન | ૫૪૩ | ૫૪૩ |
| ઘઉ ટુકડા | ૫૩૦ | ૫૭૦ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ચણા | ૧૧૮૦ | ૧૨૦૦ |
| સોયા | ૧૦૫૬ | ૧૦૮૩ |

| બાબરા | | |
|---|---|---|
| કપાસ નવો | ૧૮૫૦ | ૨૦૬૪ |
| કપાસ કોડી | ૧૪૪૦ | ૧૭૫૧ |
| જીરૂ | ૩૦૫૦ | ૩૮૫૦ |
| ચણા | ૧૧૪૦ | ૧૨૨૦ |
| ઘઉ | ૫૩૫ | ૫૫૧ |

| મહુવા | | |
|---|---|---|
| શીંગ ૩૯ | ૭૦૦ | ૧૪૩૧ |
| જુવાર | ૨૦૦ | ૫૮૦ |
| બાજરી | ૪૩૦ | ૪૯૫ |
| ઘઉં ટુકડા | ૩૧૫ | ૬૧૪ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| મેથી | ૭૦૦ | ૭૦૦ |
| ચણા | ૮૫૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૨૩૬૦ | ૨૩૭૦ |
| તલ કાળા | ૨૬૮૦ | ૩૫૪૧ |
| તુવેર | ૧૫૮૦ | ૧૫૮૦ |
| ડુંગળી લાલ | ૧૨૬ | ૯૩૦ |
| ડુંગળી સફેદ | ૨૫૫ | ૫૩૨ |
| નાળીયેર | ૪૦૦ | ૩૧૬૫ |

| કોડીનાર | | |
|---|---|---|
| મગફળી જી-૨૦ | ૧૧૦૦ | ૧૨૩૮ |
| બાજરી હાઈબ્રીડ | ૪૫૦ | ૫૩૧ |
| ઘઉં | ૫૩૦ | ૬૧૨ |
| જુવાર | ૧૦૦૦ | ૧૩૬૦ |
| અડદ | ૧૧૦૦ | ૧૭૦૦ |
| મગ | ૧૨૦૦ | ૧૫૩૬ |
| કાળા તલ | ૨૦૦૦ | ૩૫૮૦ |

| જામનગર | | |
|---|---|---|
| બાજરી | ૩૧૫ | ૪૧૫ |
| ઘઉં | ૪૪૫ | ૫૫૮ |
| મગ | ૫૦૦ | ૫૫૦ |
| અડદ | ૧૨૫૦ | ૧૩૦૦ |
| તુવેર | ૬૫૦ | ૧૦૮૦ |
| ચોળી | ૭૭૫ | ૮૦૫ |
| ચણા | ૧૨૩૦ | ૧૨૪૯ |
| મગફળી જીણી | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તલી | ૨૦૦૫ | ૨૪૦૦ |
| રાયડો | ૧૭૦૦ | ૧૮૧૫ |
| લસણ | ૮૦૦ | ૨૩૦૦ |
| કપાસ | ૧૭૭૦ | ૨૦૪૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૨૦૫ |
| અજમો | ૩૧૫૦ | ૪૬૫૫ |
| અજમાની ભૂસી | ૪૨૫ | ૧૯૫૦ |
| ધાણા-ધાણી | ૧૫૦૦ | ૨૭૭૫ |
| ડુંગળી સુકી | ૨૦૦ | ૮૮૦ |
| ડુંગળી નાસિક | ૮૦૦ | ૧૧૦૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૮૦૫ |
| વટાણા | ૭૭૫ | ૮૦૦ |
| કલોંજી | ૩૧૦૦ | ૩૮૦૦ |

| રાજુલા | | |
|---|---|---|
| તલ કાળા | ૨૫૦૦ | ૩૨૮૧ |
| બાજરો | ૪૪૦ | ૫૫૨ |
| ઘઉં ટુકડા | ૫૪૧ | ૬૧૧ |
| જુવાર | ૧૩૯૧ | ૧૫૦૦ |
| મકાઈ | ૫૫૧ | ૫૫૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૩૧૯ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૫૦૦ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારાથી સમગ્ર સભાખંડ ગુંજી ઉઠ્યો

# પનામામાં દિલીપ સંઘાણી આંતરરાષ્ટ્રીય સહકારી સંગઠનના વૈશ્વિક મંડળમાં ચૂંટાયા

અમરેલી,તા.૧૬

પનામા સિટીમાં યોજાયેલી આંતરરાષ્ટ્રીય સહકારી સંગઠનની મહાસભા દરમિયાન યોજાયેલી ચૂંટણીમાં ઈફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણી વૈશ્વિક સંચાલક મંડળમાં સંચાલક તરીકે ચૂંટાયા છે. તેઓ ત્રીજા ક્રમે વિજયી બન્યા હતા. આ જીતને ભારતીય સહકારી આંદોલન માટે મહત્વપૂર્ણ વૈશ્વિક સિદ્ધિ માનવામાં આવી રહી છે. સંઘાણીની જીત સાથે ભારતીય સહકારી ક્ષેત્રની વૈશ્વિક સ્તરે પ્રતિષ્ઠા અને પ્રભાવ વધુ મજબૂત બન્યો છે.દિલીપ સંઘાણીની જીત જાહેર થતાં પનામામાં ઉપસ્થિત ભારતીય સહકારી પ્રતિનિધિમંડળમાં ઉત્સાહ અને ગૌરવની લાગણી જોવા મળી હતી. સભ્યોએ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારાથી સમગ્ર સભાખંડ ગુંજાવી દીધો હતો. વિદેશી ધરતી પર ગુંજેલા આ નારાઓએ વૈશ્વિક સહકારી મંચ પર ભારતની હાજરીને ઉજાગર કરી હતી. દિલીપ સંઘાણી લાંબા સમયથી સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા છે અને ખેડૂતો, ગ્રામ્ય અર્થવ્યવસ્થા તથા સહકારી સંસ્થાઓના સશક્તિકરણ માટે કાર્યરત રહ્યા છે. હાલમાં તેઓ ઈફકો અને ગુજરાત સહકારી માર્કેટિંગ મહાસંઘના અધ્યક્ષ તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે.આંતરરાષ્ટ્રીય સહકારી સંગઠન વિશ્વનું અગ્રણી સહકારી સંગઠન છે, જે વિવિધ દેશોની સહકારી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે. સંઘાણીના ચૂંટાવાથી આંતરરાષ્ટ્રીય સહકારી મંચ પર ભારતીય સહકારી આંદોલનનો અવાજ વધુ મજબૂત બનશે. તેમણે પોતાની જીત બદલ સભ્ય દેશો, પ્રતિનિધિઓ અને વૈશ્વિક સહકારી સમુદાયનો આભાર વ્યક્ત કર્યો હતો.






ત્રીજા ક્રમે વિજય મેળવી ભારતીય સહકારી આંદોલન માટે વૈશ્વિક સ્તરે મોટી સિદ્ધિ મેળવી

# મધ્યગુજરાત-સૌરાષ્ટ્ર ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશનની વાર્ષિક સામાન્ય સભા યોજાઈ

બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રશ્મિનભાઈ ડોડિયાની કારોબારીમાં બિનહરીફ વરણી

અમરેલી,તા.૧૬

ગુજરાતની ક્રેડિટ સહકારી સોસાયટીઓને વધુ સુદ્રઢ બનાવવા અને તેમના આર્થિક તથા સામાજિક વિકાસ માટે માર્ગદર્શન આપતી મધ્યગુજરાત-સૌરાષ્ટ્ર કો-ઓપરેટિવ ક્રેડિટ સોસાયટીઝ ફેડરેશન, અમદાવાદની વાર્ષિક સામાન્ય સભા રાજકોટ નાગરિક બેંકની અમદાવાદ શાખા ખાતે યોજાઈ હતી. ફેડરેશનના પ્રમુખ વિજયભાઈ બારોટના અધ્યક્ષસ્થાને યોજાયેલી સભામાં નવી કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં બગસરા નાગરિક શરાફી સહકારી મંડળીના ચેરમેન રશ્મિનભાઈ ડોડિયાની કારોબારીમાં બિનહરીફ વરણી કરવામાં આવી હતી. સભામાં સહકાર ભારતીના વરિષ્ઠ કાર્યકર જીવનભાઈ ગોવે, હરિભાઈ બોરીસાગર, ભૂપતભાઈ ધાધલ સહિત મધ્યગુજરાત અને સૌરાષ્ટ્રની શરાફી મંડળીઓના ચેરમેન, ડિરેક્ટરો, પ્રતિનિધિઓ અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. નવા બોર્ડ ઓફ ડિરેક્ટરોને શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.



# સુરતમાં દેવરાજીયા ગામની દીકરીઓનું ઉત્સાહ સાથે સખી સ્નેહમિલન યોજાયું

મંત્રી કૌશિક વેકરીયાએ ઉપસ્થિત રહી ગામની દીકરીઓ સાથે આત્મીય મુલાકાત કરી

ઉના,તા.૧૬

સુરત ખાતે દેવરાજીયા ગામની દીકરીઓ દ્વારા 'સખી સ્નેહમિલન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મંત્રી કૌશિક વેકરીયા ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે તેમણે સૌ સાથે આત્મીય મુલાકાત કરી હતી અને વર્ષો બાદ મળેલી પોતાના ગામની દીકરીઓ સાથે વાતચીત કરી જૂની યાદોને વાગોળી હતી. કાર્યક્રમ દરમિયાન સૌએ ઉત્સાહ અને આનંદ સાથે એકબીજા સાથે લાગણીસભર પળો માણી હતી. મંત્રી કૌશિક વેકરીયાનું સખી મંડળ તેમજ દેવરાજીયા ગામના વતનીઓ દ્વારા ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું કે, આવા સ્નેહમિલન માત્ર કાર્યક્રમ પૂરતા મર્યાદિત નથી, પરંતુ પોતાના ગામ અને ગામના લોકો સાથેના સંબંધોને વધુ ગાઢ બનાવતી સુંદર કડી છે. દીકરીઓનો પ્રેમ, સ્નેહ અને આત્મીયતા હંમેશા યાદગાર રહેશે તેમ તેમણે જણાવ્યું હતું.




## નારોલમાં રૂ. ૨૧.૧૫ લાખની નશાકારક કફ સિરપ ઝડપાઈ

અમદાવાદ, તા.૧૬

નારોલ પોલીસે નંબર પ્લેટ વગરની સ્કોર્પિયો કારમાંથી કોડીન ફોસ્ફેટયુક્ત ૧,૭૯૮ કફ સિરપની બોટલ, કિંમત રૂ.૨૧.૧૫ લાખ, જપ્ત કરી હતી.

# પીએમ મોદીના જનસેવાના ૨૫ વર્ષ પુરા થવાના અવસરે વીરપુર ખાતે 'સેવા સંકલ્પ યાત્રા' કાર્યક્રમ

ઉના,તા.૧૬

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવા અને રાષ્ટ્ર સમર્પણના ૨૫ વર્ષ પૂર્ણ થવાના અવસરે આયોજિત 'સેવા સંકલ્પ યાત્રા' અંતર્ગત રાજકોટ જિલ્લાના વીરપુર ખાતે કાર્યક્રમ યોજાયો હતો.આ પ્રસંગે મંત્રી કૌશિક વેકરિયા ઉપસ્થિત રહ્યા હતા. વીરપુરના ગ્રામજનો દ્વારા તેમનું ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. હતો.સેવા અને સમર્પણની યાત્રા જનજન સુધી પહોંચે તથા વિકસિત ભારતના સંકલ્પને સાકાર કરવામાં સૌ સહભાગી બને તેવી અપીલ કરવામાં આવી હતી.



## ટ્રેનની ટ્રોલી બેગમાંથી દારૂનો જથ્થો ઝડપાયો

ભરૂચ, તા.૧૬

ભરૂચ રેલવે સ્ટેશન પરથી વિજિલન્સ અને રેલવે જીઆરપીની સંયુક્ત ટીમે ટ્રોલી બેગ અને થેલામાં સંતાડેલો દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો.


**CHANGE OF NAME**

I Undersing I GHOGHARI MAHMAD SAHIL BABUBHAI have changed my name from GHOGHARI MOHAMAD SAHIL BABUBHAI To GHOGHARI MAHMAD SAHIL BABUBHAI (New) Now i will be known as GHOGHARI MAHMAD SAHIL BABUBHAI (new)
Sing : GHOGHARI MAHMAD SAHIL BABUBHAI
Address: MIR SAHEB NI GALI MA, SALIHIN MASJID PASE, AT-AMRELI-365601



**CHANGE OF NAME**

I Undersing I PALSANA MIRABEN SHILPESHBHAI have changed my name from GAJERA MANISHA ARVINDBHAI ( Before marriage ) To PALSANA MIRABEN SHILPESHBHAI (After marriage) Now i will be known as PALSANA MIRABEN SHILPESHBHAI
Sing : PALSANA MIRABEN SHILPESHBHAI
Address: BARVALA,
AT BARVALA, AMRELI-365601



**અમરેલી જિલ્લા / તાલુકા પેન્શનર મંડળ આયોજિત**

**વાર્ષિક સાધારણ સભા - વર્ષ : ૨૦૨૫-૨૬**

સહર્ષ જણાવવાનું કે, અમરેલી જિલ્લા પેન્શનર સમાજની સને : ૨૦૨૫-૨૦૨૬ ની વાર્ષિક સાધારણ સભા નીચેની કાર્યસૂચિ પ્રમાણે યોજવામાં આવેલ છે, જેમાં આપશ્રીને ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ પાઠવીએ છીએ.

આ સભામાં બેન્કોના અધિકારીશ્રીઓ, જિલ્લા તિજોરી અધિકારીશ્રી તથા રાજ્ય / તાલુકા પેન્શનર મંડળના પ્રમુખશ્રીઓ / મંત્રીશ્રીઓ ઉપસ્થિત રહેવાનાં હોય તેમનો લાભ મળશે તેમજ તેમનું ઉદ્‌બોધન પથદર્શક બની રહેશે.

**:: એજન્ડા ::**

(૧) ગત સભાની કાર્યવાહી વંચાણે લઈ બહાલી આપવા બાબત.
(૨) સને : ૨૦૨૫-૨૬ ના વાર્ષિક હિસાબો વંચાણે લેવા બાબત.
(૩) નિવૃત્તિ પછી પ્રવૃત્તિ, રિક્રુટમેન્ટ અંગે પ્રતિષ્ઠિત કંપની દ્વારા માર્ગદર્શન
(૪) આગામી ટર્મ માટે નવા હોદ્દેદારોની વરણી કરવા બાબત.
(૫) બેન્કના અધિકારીશ્રીઓનું ઉદ્‌બોધન અને પ્રશ્નોત્તરી
(૬) જિલ્લા તિજોરી અધિકારીશ્રીનું ઉદ્‌બોધન અને પ્રશ્નોત્તરી
(૭) જિલ્લા / તાલુકા પ્રમુખશ્રીનું ઉદ્‌બોધન
(૮) અધ્યક્ષશ્રીનું ઉદ્‌બોધન.

સાધારણ સભા તારીખ : ૧૯-૦૯-૨૦૨૬ ને શનિવાર - સમય : સવારે ૮:૩૦ થી ૧:૩૦
સાધારણ સભા સ્થળ : શ્રી કપોળ મહાજન વાડી, કાપડ બજાર, ટાવર પાસે, અમરેલી
તા.ક.: કાર્યક્રમના અંતે સૌ સાથે ૧:૩૦ કલાકે સ્વરૂચિ ભોજન લઈશું.

**ઘનશ્યામ ગોરધનભાઈ સોરઠીયા**
**મહામંત્રી**

**રાજેશ જયંતિલાલ મહેતા**
**પ્રમુખ**

નોંધ :- બેન્કને લગતા તેમજ તિજોરીને લગતા કોઈપણ પ્રશ્ન લેખિતમાં અવશ્ય સાથે લાવવા તેમજ વાર્ષિક ફી જમા કરાવી ભોજન પાસ મેળવી લેવા વિનંતી.


## જીઈટીસીઓ ભરતીમાં આઉટસોર્સિંગ સામે ઉમેદવારોનો વિરોધ

અમદાવાદ, તા.૧૬

જીઈટીસીઓમાં ઈલેક્ટ્રિકલ આસિસ્ટન્ટની ભરતી પ્રક્રિયાને લઈને ઉમેદવારોએ અમદાવાદમાં વિરોધ નોંધાવ્યો હતો. વિવિધ જિલ્લાઓમાંથી આવેલા ઉમેદવારોએ કચેરી બહાર સૂત્રોચ્ચાર કરી આઉટસોર્સિંગ પ્રથા બંધ કરી કાયમી ભરતી કરવાની માંગ કરી હતી. ઉમેદવારોએ ૨૦૨૬ની ભરતી પ્રક્રિયા ઝડપી પૂર્ણ કરવા, વધુ જગ્યાઓ વધારવા અને આગામી અલોટમેન્ટની તારીખ જાહેર કરવાની માંગ કરી હતી.


**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.૬૬/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૬/૧૯૭૬

શ્રી ગોંડલીયા ભકિતરામ જદુરામ,
રહે.ગોહીલની ખાણ, ગામ-ગોહીલની ખાણ, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ --અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત ગોહીલનીખાણ, તા, કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ --સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી ગોંડલીયા ભકિતરામ જદુરામ,રહે.ગોહીલની ખાણ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી ગોંડલીયા જદુરામ નારણદાસ તથા ગોંડલીયા મણીબેન જદુરામ ના પુત્ર ગોંડલીયા ભકિતરામ જદુરામનો જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૭૬ના રોજ કોડીનાર તાલુકાના ગોહિલની ખાણ મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૬/૦૯/ ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



**-:: જાહેર નોટીસ ::-**

**-// એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર //-**

અરજી નં.૨૭૧/૨૦૨૬
જન્મ તારીખ : ૦૧/૦૧/૧૯૪૮

જાદવભાઈ રામભાઈ ચડેરા,
રહે.મોટી ફાફણી, ગામ-મોટી ફાફણી, તાલુકો-કોડીનાર
જિલ્લો-ગીર સોમનાથ --અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત મોટી ફાફણી, તા, કોડીનારકોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ --સામાવાળા

**બાબત :- જન્મ-મરણ નોંધણી અન્વયે જન્મની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી જાદવભાઈ રામભાઈ ચંડેરા,રહે.મોટી ફાફણી, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ જન્મ મરણ નોંધણી કાયદો-૧૯૬૯ની કલમ-૧૩(૩) તળેની અરજીથી રામભાઈ માંડણભાઈ ચંડેરા તથા દેવીબેન ના પુત્ર ચંડેરા જાદવભાઈ રામભાઈનો જન્મ તારીખ ૦૧/૦૧/૧૯૪૮ના રોજ કોડીનાર તાલુકાના મોટી ફાફણી મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રે રજુ કરેલ છે.

આ અરજી મુજબ સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈ ઈસમ વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૦૪/૦૮/ ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

**હુકમથી**
**સહી**
**(એચ.કે.ભાસ્કર)**
**એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**કોડીનાર**



**લાઠીના મહે. શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી.**

જન્મ/મરણ.પ.અ.નં.૧૦૨./૨૦૨૬

અરજદાર તર્ફે એડવાકેટ હરેશ. કે. કોટડીયા રહે. લાઠી.

**અરજદાર :- મેતલીયા ઝવેરભાઈ ધનજીભાઈ**
**રહે.મતીરાળા તા.લાઠી જી.અમરેલી.**

**- //વિરૂધ્ધ//-**

**સામાવાળા :-** જન્મ / મરણ નોંધણી અધિકારી શ્રી
મતીરાળા ગ્રામ પંચાયત કચેરી

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના મતીરાળા ગામના રહીશ મેતલીયા ઝવેરભાઈ ધનજીભાઈ તેમના પિતા મેતલીયા ધનજીભાઈ લાલજીભાઈનુ મરણ મતીરાળા મુકામે તારીખ ૧૫/૧૦/૧૯૮૩ ના રોજ થયેલ છે. જેની મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના પિતા ધનજીભાઈની મરણની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની મરણ નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ મરણ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદાર શ્રી મેતલીયા ઝવેરભાઈ ધનજીભાઈ તેમના પિતા મેતલીયા ધનજીભાઈ લાલજીભાઈની મરણની નોંધ મરણ રજીસ્ટર સને-૧૯૮૩ માં થયેલ નથી. હાલ ખેતીની જમીનમાં વારસાઈના કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો / તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૧૮ / ૦૯ / ૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠીના મહે.શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી લાઠી ખાતે બપોરના ૩ : ૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- લાઠી
તારીખ :- ૧૬/૦૯/૨૦૨૬

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**



**લાઠીના મહે. શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી.**

જન્મ/મરણ.પ.અ.નં. ૧૧૨/૨૦૨૬

અરજદાર તર્ફે એડવાકેટ હરેશ. કે. કોટડીયા રહે. લાઠી.

**અરજદાર :- રાશિયા વિનોદકુમાર લવાભાઈ**
**રહે.લાઠી તા.લાઠી જી.અમરેલી.**

**- //વિરૂધ્ધ//-**

**સામાવાળા :-** જન્મ / મરણ નોંધણી અધિકારી શ્રી
લાઠી નગરપાલીકા કચેરી

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના લાઠી ગામના રહીશ રાશિયા વિનોદકુમાર લવાભાઈ તેમના કાકાની દીકરી બહેન રંજનબેન ભગવાનભાઈ રાશીયાનો જન્મ લાઠી મુકામે તારીખ ૧૨/૦૭/૧૯૬૮ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના કાકાની દીકરી બહેન રંજનબેનની જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની જન્મ નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદાર શ્રી રાશિયા વિનોદકુમાર લવાભાઈ તેમના કાકાની દીકરી બહેન રંજનબેન ભગવાનભાઈ રાશીયાની જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૬૮ માં થયેલ નથી. હાલ સરકારી કામકાજના કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો / તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૧૯/૦૯/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠીના મહે.શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી લાઠી ખાતે બપોરના ૩ : ૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- લાઠી
તારીખ :- ૧૬/૦૯/૨૦૨૬

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**



**લાઠીના મહે. શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી.**

જન્મ/મરણ.પ.અ.નં. ૧૧૧/૨૦૨૬

અરજદાર તર્ફે એડવાકેટ હરેશ. કે. કોટડીયા રહે. લાઠી.

**અરજદાર :- રાશિયા વિનોદકુમાર લવાભાઈ**
**રહે.લાઠી તા.લાઠી જી.અમરેલી.**

**- //વિરૂધ્ધ//-**

**સામાવાળા :-** જન્મ / મરણ નોંધણી અધિકારી શ્રી
લાઠી નગર પાલીકા કચેરી

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના લાઠી ગામના રહીશ રાશિયા વિનોદકુમાર લવાભાઈ તેમના કાકાની દીકરી બહેન કાંતાબેન ભગવાનભાઈ રાશીયાનો જન્મ લાઠી મુકામે તારીખ ૦૨/૧૧/૧૯૬૧ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં તેમના કાકાની દીકરી બહેન કાંતાબેનની જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની જન્મ નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદાર શ્રી રાશિયા વિનોદકુમાર લવાભાઈ તેમના કાકાની દીકરી બહેન કાંતાબેન ભગવાનભાઈ રાશીયાની જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૬૧ માં થયેલ નથી. હાલ સરકારી કામકાજના કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો / તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૧૯/૦૯/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠીના મહે.શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી લાઠી ખાતે બપોરના ૩ : ૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- લાઠી
તારીખ :- ૧૬/૦૯/૨૦૨૬

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**



**લાઠીના મહે. શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં મુ.લાઠી.**

જન્મ/મરણ.પ.અ.નં. ૧૧૦/૨૦૨૬

અરજદાર તર્ફે એડવાકેટ હરેશ. કે. કોટડીયા રહે. લાઠી.

**અરજદાર :- જોગાણી ભીખાભાઈ નાગજીભાઈ**
**રહે.શેખ પીપરીયા તા.લાઠી જી.અમરેલી.**

**- //વિરૂધ્ધ//-**

**સામાવાળા :-** જન્મ / મરણ નોંધણી અધિકારી શ્રી
શેખ પીપરીયા ગ્રામ પંચાયત કચેરી

આથી લાગતા વળગતા સર્વેને જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના લાઠી તાલુકાના શેખ પીપરીયા ગામના રહીશ જોગાણી ભીખાભાઈ નાગજીભાઈનો જન્મ શેખ પીપરીયા મુકામે તારીખ ૦૧/૦૧/૧૯૬૩ ના રોજ થયેલ છે. જેની જન્મ નોંધણી રજીસ્ટરમાં જોગાણી ભીખાભાઈ નાગજીભાઈની જન્મની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની જન્મ નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદાર શ્રી જોગાણી ભીખાભાઈ નાગજીભાઈ તેમની જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને-૧૯૬૩ માં થયેલ નથી. હાલ સરકારી કામકાજના કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો / તકરાર કે હરકત હોય તેમણે મુદત તા. ૧૯/૦૯/૨૦૨૬ ના રોજ અત્રેની કોર્ટ લાઠીના મહે.શ્રી એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કચેરી લાઠી ખાતે બપોરના ૩ : ૩૦ કલાકે ઉપસ્થિત રહેવુ તેમ કરવામાં કસુર થયે આગળની યોગ્ય તે ન્યાયીક કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેશો.

સ્થળ :- લાઠી
તારીખ :- ૧૬/૦૯/૨૦૨૬

કોર્ટનો સિક્કો

**સહી**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**લાઠી**

# ઊનાના નવાબંદર પાસે બોટ ડૂબી, ૧૨ માછીમારોનો બચાવ

ઊના, તા.૧૬

ઊના નજીકનાં દરિયામાં ભારે પવન અને ઉછળતાં મોજાં વચ્ચે ભાથોડા વિસ્તારના પથ્થર સાથે અથડાઈ બોટે જળસમાધિ લીધી છે. વલસાડના માછીમારો ટંડેલ સહિત કુલ ૧૨ ખલાસીઓ સાથે માછીમારી માટે નીકળ્યા હતા. નવાબંદર નજીક ફિશિંગ કર્યા બાદ ભારે વરસાદ અને પવનની સ્થિતિને પગલે બોટને સલામત રીતે કાંઠા તરફ લાવવામાં આવી રહી હતી.


તસવીર : કૈલાસ ભટ્ટ

દરમિયાન રાત્રિનો અંધકાર છવાઈ જતાં નવાબંદર બંદર વિસ્તારનો કાંઠો સ્પષ્ટ રીતે દેખાતો ન હતો. બીજી તરફ દરિયામાં ભારે પવન ફૂંકાતા મોજાં ઉછળવા લાગ્યાં હતાં આ વિકટ પરિસ્થિતિ વચ્ચે બોટ આગળ રહી હતી ત્યારે ભાથોડા વિસ્તાર નજીક અચાનક બોટનો પથ્થર સાથે અકસ્માત થયો હતો. ભાથોડા વિસ્તારના પથ્થર સાથે અથડાયા બાદ બોટમાં નુકસાન થતાં પાણી ભરાવા લાગ્યું હતું. દરિયાની વિકટ સ્થિતિ અને ઉછળતાં મોજાં વચ્ચે બોટને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ પરિસ્થિતિ કાબૂ બહાર જતાં બેટ ધીમે ધીમે દરિયામાં ડૂબવા લાગી હતી. બોટ જળસમાધિ સમાધિ લેતી હોવાનું જણાતાં તેમાં સવાર ટંડેલ સહિતના ૧૨ માછીમારોએ જીવ બચાવવા તાત્કાલિક દરિયામાં કૂદકો માર્યો હતો.

# રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદનારા દેશો પર ૧૦૦% ટેરિફની અમેરિકાની તૈયારી

વોશિંગ્ટન, તા.૧૬

અમેરિકા રશિયા પાસેથી ક્રૂડ ઓઈલ ખરીદનારા દેશો પર ૧૦૦% ટેરિફ લાદવાની તૈયારી કરી રહ્યું છે. અમેરિકી હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ગુરુવારે રશિયા પર પ્રતિબંધો લાદતા સુધારેલા બિલ રજૂ થવાનું છે. આ બિલમાં ભારત અને ચીન સહિત રશિયાના મુખ્ય તેલ ખરીદનારા દેશો પર ૧૦૦% ટેરિફ લાદવાની જોગવાઈ કરવામાં આવી છે.




સુધારેલા બિલમાં ભારત, ચીન, તુર્કી, અઝરબૈજાન, હંગેરી, સ્લોવાકિયા, યુએઈ, સિંગાપોર, કઝાકિસ્તાન અને કિર્ગિઝસ્તાનનો સમાવેશ કરવામાં આવ્યો છે. બિલ હેઠળ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને આવા દેશો પર ગૌણ ટેરિફ લાદવાની સત્તા આપવાનો પ્રસ્તાવ છે. અમેરિકાનું માનવું છે કે રશિયાનો ક્રૂડ ઓઈલ વેપાર યુક્રેન સામેના યુધ્ધને આર્થિક સહાય પૂરી પાડે છે. તેથી રશિયાની આવકના સ્ત્રોતો પર દબાણ વધારવા માટે આ પગલું વિચારવામાં આવી રહ્યું છે. યુધ્ધ રોકવાના પ્રયાસો વચ્ચે પણ રશિયા-યુક્રેન સંઘર્ષ ચાલુ છે. અગાઉ બ્રિક્સ સમિટમાં ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે અમેરિકાના ટેરિફનો વિરોધ કરવાની અપીલ કરી હતી.

# યુપીમાં પંચાયત સચિવ પોતાની રીતે સહાયકને હટાવી શકશે નહી: રાજભરે


લખનૌ, તા.૧૬

ઉત્તર પ્રદેશના પંચાયતી રાજ મંત્રી ઓમપ્રકાશ રાજભરે જણાવ્યું છે કે હવે ગ્રામપ્રધાન અને પંચાયત સચિવ પોતાની રીતે પંચાયત સહાયકને હટાવી શકશે નહીં. પંચાયત સહાયકને દૂર કરવા જિલ્લા મેજિસ્ટ્રેટની તપાસ જરૂરી રહેશે. તેમણે વધુમાં જણાવ્યું કે પંચાયત સહાયકોને માસિક રૂ.૯,૦૦૦ માનદ વેતન સીધું તેમના બેંક ખાતામાં ચૂકવાશે. આ નિર્ણયને મુખ્યમંત્રીની મંજૂરી મળી ગઈ હોવાનું તેમણે જણાવ્યું હતું. રાજ્યમાં ૫૭ હજારથી વધુ પંચાયત સહાયકો કાર્યરત છે. રાજભરે કહ્યું કે તેમને કેશલેસ સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે તેમજ વિરોધ પ્રદર્શન દરમિયાન નોંધાયેલા કેસ પરત ખેંચવામાં આવશે. પત્રકાર પરિષદમાં તેમણે જણાવ્યું કે પંચાયત સહાયકો અંગે જરૂરી સૂચનાઓ જારી કરી દેવાઈ છે. રાજભરે અન્ય રાજકીય મુદ્દાઓ અંગે પણ નિવેદનો આપ્યા હતા. તેમણે ઉત્તર પ્રદેશમાં અરાજકતા સહન નહીં કરવામાં આવે તેમ જણાવ્યું હતું.

# રોકાણકારો સાથે છેતરપિંડીનો આરોપને લઈ અમૃત ગ્રુપના ૧૭ સ્થળોએ ઈડીના દરોડા

ઈન્દોર, તા.૧૬

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ બુધવારે કોલકાતા અને મધ્યપ્રદેશના ઈન્દોરમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ, કથિત રોકાણ છેતરપિંડીના કેસમાં મની લોન્ડરિંગની તપાસના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી હતી. તપાસમાં અનેક રોકાણકારો સાથે છેતરપિંડી કરવામાં આવી હોવાનો




આક્ષેપ છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (પીએમએલએ) હેઠળ કોલકાતા અને ઈન્દોરમાં અમૃત ગ્રુપની કંપનીઓ તથા તેમના પ્રમોટરો સાથે જોડાયેલા આશરે ૧૭ સ્થળોએ સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, કંપનીઓના આ જૂથ અને તેના ડિરેક્ટરોએ ઊંચા વળતરની ખાતરી આપીને વિવિધ ડિપોઝિટ યોજનાઓ હેઠળ લોકો પાસેથી નાણાં એકત્ર કર્યા હતા. જોકે, બાદમાં રોકાણકારોને વચન મુજબનું વળતર પરત ન આપ્યું હોવાનો આરોપ છે. ઈડીની કાર્યવાહી અંગે કંપની અથવા તેના પ્રમોટરોનો પક્ષ જાણવા તાત્કાલિક સંપર્ક થઈ શક્યો ન હતો.

# બિહારમાં પંચાયત ચૂંટણીમાં ઈબીસી અનામત માટે તૈયારી, ૧૨૨ જાતિઓને લાભની શક્યતા


પટણા, તા.૧૬

બિહારમાં આગામી ત્રિ-સ્તરીય પંચાયત ચૂંટણીમાં અત્યંત પછાત વર્ગ (ઈબીસી) માટે અનામતના માપદંડો ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે. પંચાયતી રાજ વિભાગની નિષ્ણાત ટીમ દ્વારા તૈયાર કરાયેલી માર્ગદર્શિકા એક મહિનામાં અત્યંત પછાત વર્ગ આયોગને સોંપવામાં આવશે. આયોગના અહેવાલના આધારે અનામતની ટકાવારી નક્કી થશે. ઈબીસીમાં આશરે ૧૨૨ જાતિઓનો સમાવેશ થાય છે. અનામત માટે ત્રિ-સ્તરીય ચકાસણી કરવામાં આવશે. એસસી-એસટીની વસ્તીના આધારે અનામત નક્કી કર્યા બાદ બાકી રહેલી મર્યાદામાં ઈબીસી અનામત આપવામાં આવશે. પંચાયતોમાં તમામ વર્ગોની મહિલાઓ માટે ૫૦ ટકા અનામતની જોગવાઈ છે. સીમાંકન બાદ ચૂંટણી યોજાશે. હાલમાં રાજ્યમાં ૮,૦૪૯ ગ્રામ પંચાયતો છે, જેની સંખ્યા નવા સીમાંકન બાદ વધવાની શક્યતા છે.

# દિશા સલિયન કેસની તપાસ હવે સીબીઆઈ અધિકારી સીમા પહુજા સંભાળશે

મુંબઈ, તા.૧૬

અભિનેતા સુશાંત સિંહ રાજપૂતના પૂર્વ મેનેજર દિશા સલિયનના મૃત્યુની તપાસ હવે સીબીઆઈ અધિકારી સીમા પહુજા કરશે. સીબીઆઈ હેડક્વાર્ટરની સ્પેશિયલ ક્રાઈમ યુનિટમાં પોલીસ અધિક્ષક તરીકે ફરજ બજાવતા પહુજાને કેસની તપાસની જવાબદારી સોંપવામાં આવી છે. ડીએસપી



પૂરણ કુમાર સહિત અન્ય અધિકારીઓ તેમની સાથે તપાસમાં જોડાશે. દિશાનું ૮ જૂન, ૨૦૨૦ના રોજ મૃત્યુ થયું હતું. સીબીઆઈએ તાજેતરમાં કેસમાં એફઆઈઆર નોંધી તપાસ શરૂ કરી છે. તપાસ એજન્સી હવે દિશાના મંગેતર રોહન રોયના મુંબઈ સ્થિત ઘરે યોજાયેલી પાર્ટીમાં હાજર લોકોના નિવેદનો નોંધશે. જૂના રેકોર્ડ, સાક્ષીઓના નિવેદનો, ઘટનાસ્થળના પુરાવા અને અગાઉની તપાસની પણ ફરી સમીક્ષા કરવામાં આવશે. ઘટનાના પહેલા અને પછીની પરિસ્થિતિઓ તેમજ કોઈ મહત્વની કડી ચૂકી ગઈ છે કે કેમ તે અંગે પણ તપાસ થશે.

# કોંગ્રેસના નવા રાષ્ટ્રીય સચિવોની ટૂંક સમયમાં જાહેરાત કરવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૬

કોંગ્રેસ સંગઠનમાં નવા રાષ્ટ્રીય સચિવોની નિમણૂકની પ્રક્રિયા અંતિમ તબક્કામાં પહોંચી છે. નવા સચિવોના પદ માટે ૧૩૦થી વધુ નેતાઓના ઈન્ટરવ્યૂ બાદ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીએ ૧૦ જનપથ ખાતે વર્તમાન સચિવો સાથે બેઠક કરી હતી. બેઠકમાં તેમના સંગઠનાત્મક કાર્ય, રાજ્યના પ્રવાસ અને પડકારો અંગે માહિતી



મેળવવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈન્ટરવ્યૂ દરમિયાન નેતાઓને સંગઠન, પક્ષની વિચારધારા અને વિવિધ રાજ્યોની સ્થિતિ અંગે પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. મહિલા નેતાઓને ક્ષેત્રમાં પડતી મુશ્કેલીઓ અંગે પણ પ્રશ્નો કરાયા હતા. કોંગ્રેસના સંગઠન મહાસચિવ કે.સી. વેણુગોપાલ પણ પ્રક્રિયામાં જોડાયા હતા. તાજેતરના અહેવાલો મુજબ, વર્તમાન AICC સચિવોની સંખ્યામાં ફેરફાર થઈ શકે છે અને કેટલાક નવા ચહેરાઓને જવાબદારી સોંપવામાં આવી શકે છે. જૂન દરમિયાન વર્તમાન સચિવોના કામની સમીક્ષા થઈ હતી. નવા સચિવોની જાહેરાત ટૂંક સમયમાં થવાની શક્યતા છે.

# જમ્મુ-કાશ્મીરમાં છેલ્લા આઠ માસમાં પથ્થરમારાની એકપણ ઘટના નોંધાઈ નહી

શ્રીનગર, તા.૧૬

સંરક્ષણ મંત્રાલયના ૨૦૨૫-૨૬ના અહેવાલ મુજબ, સુરક્ષા દળો વચ્ચેના સંકલનથી જમ્મુ-કાશ્મીરમાં હિંસામાં ઘટાડો નોંધાયો છે. અહેવાલમાં વિરોધ પ્રદર્શનો અને પથ્થરમારાની ઘટનાઓમાં પણ ઘટાડો દર્શાવવામાં આવ્યો છે. સેના, પોલીસ અને અર્ધલશ્કરી દળોના સંયુક્ત પ્રયાસોથી સુરક્ષા સ્થિતિ નિયંત્રણમાં હોવાનું જણાવાયું છે. અહેવાલ મુજબ, ૨૦૨૫ દરમિયાન ઘૂસણખોરીના છ પ્રયાસો




નિષ્ફળ બનાવાયા હતા. અંતરિયાળ વિસ્તારોમાં આતંકવાદ વિરોધી કાર્યવાહીમાં ૧૯ આતંકવાદીઓ માર્યા ગયા હતા. અહેવાલમાં યુવાનોમાં આતંકવાદ પ્રત્યે મોહભંગ વધ્યો હોવાનું પણ નોંધાયું છે. પ્રવાસન ક્ષેત્રે પણ મોટી સંખ્યામાં પ્રવાસીઓ આવ્યા હતા.

# આજીવન કેદ ભોગવી રહેલા દારાસિંહની વહેલી મુક્તિની અરજી કોર્ટે ફગાવી

ભુવનેશ્વર, તા.૧૬

ઓડિશાના રાજ્ય સજા સમીક્ષા બોર્ડે ઓસ્ટ્રેલિયન મિશનરી ગ્રેહામ સ્ટેઈન્સ અને તેમના બે પુત્રોની ૧૯૯૯ની હત્યાના કેસમાં આજીવન કેદ ભોગવી રહેલા દારા સિંહની વહેલી મુક્તિની અરજી ફગાવી દીધી છે. ૩૧ ઓગસ્ટે મળેલી વિશેષ બેઠકમાં બોર્ડે મુક્તિથી સામાજિક અને સાંપ્રદાયિક અસર થવાની શક્યતા દર્શાવી હતી. દારા સિંહે ૨૦૨૨ની માફી માર્ગદર્શિકા હેઠળ મુક્તિની માંગ કરી હતી અને તેઓ ૨૬ વર્ષથી વધુ સમયથી જેલમાં છે. સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને અરજી અંગે નિર્ણય લેવા કહ્યું હતું. હવે આ મામલે ૧૭ સપ્ટેમ્બરે સુપ્રીમ કોર્ટમાં સુનાવણી યોજાશે. બોર્ડે તાજેતરના કેન્દુઝર જિલ્લા વહીવટીતંત્રના અહેવાલ સહિત વિવિધ પાસાઓને ધ્યાનમાં લીધા હતા. જેલ બહારની ભીડના અહેવાલની નોંધ લેવામાં આવી હતી.

# જૂનાગઢ ખાતે નીલકમલ સોસાયટીમાં મિતુલ ગણાત્રા પરિવારે સત્યનારાયણ ભગવાનની પૂજાનો લાભ લીધો

અમરેલી,તા.૧૬

જૂનાગઢના નરસિંહ મહેતા તળાવ પાસે આવેલી નીલકમલ સોસાયટીમાં 'નીલકમલ કા રાજા' ગણપતિજીની સ્થાપનાના દિવસે સત્યનારાયણ ભગવાનની પૂજા અને કથાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધાર્મિક પ્રસંગે અમરેલી ડિસ્ટ્રિક્ટ ચેમ્બર ઓફ કોમર્સના મહામંત્રી, વડિયા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તથા વડિયા લોહાણા મહાજનના મંત્રી મિતુલ ગણાત્રાને પરિવાર સાથે પૂજાનો લ્હાવો મળ્યો હતો.




તેમની સાથે ધર્મપત્ની શીતલ ગણાત્રા, પુત્રી કલ્યાણી ગણાત્રા, પુત્ર રણછોડ ગણાત્રા અને માતા કાંતાબેન કાંતિલાલ ગણાત્રા ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગ બદલ ગણાત્રા પરિવારે નીલકમલ સોસાયટીના તમામ આયોજકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે ઈઝરાયલને ૪૦ હજાર શક્તિશાળી બોમ્બ આપવાની અમેરિકાની તૈયારી

વોશિંગ્ટન, તા.૧૬

મધ્ય પૂર્વમાં તણાવ વચ્ચે અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું વહીવટીતંત્ર ઈઝરાયલને ૨,૦૦૦ પાઉન્ડના અત્યંત શક્તિશાળી બોમ્બનો મોટો જથ્થો આપવાની તૈયારી કરી રહ્યું છે. પ્રસ્તાવિત ૨.૮ અબજ ડોલરના લશ્કરી પેકેજમાં ૪૦,૦૦૦ બોમ્બનો સમાવેશ થવાની માહિતી છે. અમેરિકાના બે અધિકારીઓના જણાવ્યા મુજબ, આ યોજના હજુ અંતિમ



બની નથી. અમેરિકી કોંગ્રેસને સોદા અંગે અનૌપચારિક જાણ કરવામાં આવી છે. મોટાભાગનું ભંડોળ વિદેશી લશ્કરી સહાય હેઠળ આપવામાં આવશે. અગાઉ જો બાઈડન વહીવટીતંત્રે ગાઝામાં મોટા પાયે જાનહાનિ અને વિનાશની આશંકાને પગલે આવા બોમ્બનો પુરવઠો અટકાવ્યો હતો. આ પ્રસ્તાવિત સોદો ઈઝરાયલની લશ્કરી ક્ષમતા વધારવા માટે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા લેવાઈ રહેલા પગલાંની શ્રેણીમાં તાજેતરનું પગલું છે. આ અંગેનો અહેવાલ પ્રથમ 'ધ વોશિંગ્ટન પોસ્ટ'માં પ્રકાશિત થયો હતો. ઈઝરાયલ-હમાસ સંઘર્ષ વચ્ચે આ નિર્ણય સામે આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા વધી છે. ૭ ઓક્ટોબર, ૨૦૨૩ના હમાસના હુમલા બાદ શરૂ થયેલા યુદ્ધમાં ભારે જાનહાનિ અને વિનાશ થયો છે.

# ઈરાન યુધ્ધ મુદ્દે અમેરિકી સંસદમાં હોબાળો, સંરક્ષણ સચિવ સામે મહાભિયોગ પ્રસ્તાવ

વોશિંગ્ટન, તા.૧૬


ઈરાન સામે ચાલી રહેલા યુધ્ધને લઈને અમેરિકી સંસદમાં રાજકીય તણાવ વધ્યો છે. કેન્ટુકીના રિપબ્લિકન કોંગ્રેસમેન થોમસ મેસીએ સંરક્ષણ સચિવ પીટ હેગસેથ સામે મહાભિયોગ પ્રસ્તાવ રજૂ કર્યો છે. મેસીએ હેગસેથ પર ગંભીર ગુનાઓ અને દુષ્કર્મનો આરોપ લગાવી ૧૯૭૩ના વોર પાવર્સ રિઝોલ્યુશનનું ઉલ્લંઘન કરવાનો દાવો કર્યો છે. મેસીના




આરોપ મુજબ, હેગસેથે ઈરાન સંઘર્ષમાં અમેરિકી લશ્કરી સંડોવણી સમાપ્ત કરવાના કોંગ્રેસના નિર્દેશની અવગણના કરી હતી. ઉપરાંત, નાગરિક જાનહાનિ ઘટાડવા સંબંધિત કાયદાઓની અવગણના અને સત્તાના દુરુપયોગના પણ આરોપ મૂકાયા છે. દરમિયાન, પેન્ટાગોનના જણાવ્યા મુજબ ઈરાન યુધ્ધનો ખર્ચ ૪૨ અબજ ડોલરથી વધુ પહોંચી ગયો હોવાનો અહેવાલ છે, જે અગાઉના અંદાજ કરતાં ૪.૫ અબજ ડોલર વધારે છે. હેગસેથ સામે મહાભિયોગનો આ બીજો પ્રયાસ છે. એપ્રિલમાં હાઉસ ડેમોક્રેટ્સે પણ તેમની સામે છ આરોપ ધરાવતો મહાભિયોગ ઠરાવ રજૂ કર્યો હતો. વ્હાઈટ હાઉસે હેગસેથનો બચાવ કરતાં તેમના કાર્યની પ્રશંસા કરી છે. હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સ ગુરુવાર સુધીમાં મેસીના પ્રસ્તાવ પર કાર્યવાહી કરે તેવી શક્યતા છે.

# રાજ્યની પંચાયતો પર રૂ. ૨૩૬ કરોડનું પાણી વેરાનું દેવું, નગરપાલિકાઓ પણ કરોડોના બોજ હેઠળ

ગાંધીનગર, તા.૧૬



ગુજરાતની સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ ગંભીર નાણાકીય કટોકટીનો સામનો કરી રહી છે. રાજ્યની પંચાયતો પાસે પાણી વેરા પેટે રૂ.૨૩૬ કરોડનું લેણું બાકી છે. વર્ષ ૨૦૧૯-૨૦માં આ બાકી રકમ રૂ.૧૩૯ કરોડ હતી, જે વર્ષ ૨૦૨૩-૨૪ના અંત સુધીમાં વધીને રૂ.૨૩૬ કરોડ થઈ છે. છેલ્લા પાંચ વર્ષમાં પંચાયતોએ માત્ર રૂ.૫૨ લાખનો પાણી વેરો ચૂકવ્યો છે, જે કુલ બાકી રકમની સરખામણીએ એક ટકાથી પણ ઓછો છે. બીજી તરફ, રાજ્યની વિવિધ નગરપાલિકાઓ પર પણ પાણી બિલ પેટે કરોડો રૂપિયાનું લેણું બાકી હોવાનું સામે આવ્યું છે. બાકી વસૂલાતના કારણે પાણી પુરવઠા અને જાળવણી પાછળનો સરકારી ખર્ચ વસૂલવામાં મુશ્કેલી ઊભી થઈ રહી છે. સ્થાનિક સંસ્થાઓની નાણાકીય સ્થિતિ પાછળ વહીવટી શિથિલતા અને કડક વસૂલાતના અભાવ જેવા કારણો જવાબદાર હોવાનું જણાવાઈ રહ્યું છે. પરિણામે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની નાણાકીય શિસ્ત અને તંદુરસ્ત વહીવટ સામે સવાલો ઊભા થયા છે.

# નર્મદા ડેમ ૯૪.૫૦ ટકા ભરાયો, સપાટી ૧૩૭.૪૮ મીટરે પહોંચી

અમદાવાદ, તા.૧૬



ગુજરાતમાં થઈ રહેલા વરસાદને પગલે નર્મદા ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. ઉપરવાસમાંથી હાલ ૧.૩૦ લાખ ક્યુસેક પાણીની આવક થતાં ડેમની સપાટી ૧૩૭.૪૮ મીટરે પહોંચી છે. ડેમ ૯૪.૫૦ ટકા ભરાઈ ગયો છે અને મહત્તમ સપાટીથી હવે માત્ર ૧.૨ મીટર દૂર છે. પાણીની આવક યથાવત રહેતાં ડેમના તમામ પાવર હાઉસ કાર્યરત કરાયા છે તથા આરબીપીએચ અને સીએચપીએચમાંથી વીજ ઉત્પાદન શરૂ થયું છે. બીજી તરફ રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૦ તાલુકામાં વરસાદ નોંધાયો છે. કચ્છના માંડવીમાં સૌથી વધુ ૭ ઈંચ વરસાદ પડ્યો હતો. રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૮૪.૩૮ ટકા વરસાદ નોંધાયો છે. જોકે, ૪૨ તાલુકામાં હજુ ૫૦થી ૯૫ ટકા વરસાદની ઘટ છે. દેવભૂમિ દ્વારકામાં ૧૦.૫૪ ટકા, પોરબંદરમાં ૨૪.૭૬ ટકા અને જામનગરમાં ૩૯.૨૭ ટકા વરસાદ નોંધાયો છે. હવામાન વિભાગે ૨૧ સપ્ટેમ્બર સુધી રાજ્યના તમામ જિલ્લાઓમાં હળવાથી સામાન્ય વરસાદની શક્યતા વ્યક્ત કરી છે.

# સરખેજમાં સગીરાના આપઘાત મામલે પ્રેમીની માતા જેલ હવાલે

અમદાવાદ, તા.૧૬

અમદાવાદના સરખેજમાં ધોરણ-૧૨માં અભ્યાસ કરતી ૧૭ વર્ષીય સગીરાએ આપઘાત કર્યાના મામલે તેના સગીર પ્રેમીની માતા વિરુધ્ધ આત્મહત્યા માટે દુષ્પ્રેરણાનો ગુનો નોંધાયો છે. બંને વચ્ચે પ્રેમસંબંધ હોવાની જાણ પરિવારને થતાં સમજાવટ કરવામાં આવી હતી. જોકે, બંનેનો સંપર્ક યથાવત રહ્યો હતો. બાદમાં બંનેને સ્કૂલમાં સાથે બેઠેલા જોતા આચાર્યએ બંને પરિવારને જાણ કરી હતી. આક્ષેપ મુજબ, સગીરની માતાએ સગીરાને પ્રેમસંબંધ બાબતે માનસિક ત્રાસ આપ્યો હતો અને આપઘાત કરવા માટે ઉશ્કેરતી વાતો કરી હતી. ત્યારબાદ સગીરાએ ઘરે ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. પરિવારજનોએ પોલીસને ઓડિયો રેકોર્ડિંગ અને સીસીટીવી ફૂટેજ સહિતના પુરાવા આપ્યા હતા.

# સુરતના વરિયાવ બ્રિજ નજીક પરિણીત યુવક-યુવતીનાં મૃતદેહ મળી આવતા ખળભળાટ

સુરત, તા.૧૬



સુરતના વરિયાવ બ્રિજ નજીક સિધ્ધનાથ મહાદેવ મંદિર પાસે તાપી નદીના કાંઠેથી પરિણીત યુવક અને યુવતી બેભાન હાલતમાં મળી આવ્યા હતા. બંનેને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં બંનેનાં મોત થયા હતા. પ્રાથમિક તપાસમાં અંગત મનદુ:ખને કારણે બંનેએ આપઘાતનું પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી છે. વરાછામાં રહેતી ૨૯ વર્ષીય પરિણીતા મંગળવારે સવારે કામ માટે ઘરેથી નીકળી હતી. સાંજ સુધી ઘરે પરત ન ફરતાં તેના પતિએ ફોન કર્યો હતો. દરમિયાન અન્ય વ્યક્તિએ ફોન ઉપાડી યુવતી અને એક યુવક વરિયાવ બ્રિજ નજીક બેભાન મળ્યાની જાણ કરી હતી. પરિવારજનો ઘટનાસ્થળે પહોંચ્યા બાદ બંનેને ૧૦૮ મારફતે સ્મીમેર હોસ્પિટલ લઈ જવાયા હતા. યુવકને તબીબોએ મૃત જાહેર કર્યો હતો, જ્યારે ગંભીર યુવતીનું સારવાર દરમિયાન મોત થયું હતું.

# જૂનાગઢમાં નકલી દૂધ બનાવવાનું રેકેટ ઝડપાયું

જૂનાગઢ, તા.૧૬

જૂનાગઢમાં ક્રાઈમ બ્રાન્ચ અને ફૂડ વિભાગની સંયુક્ત ટીમે નકલી દૂધ બનાવવાના રેકેટનો પર્દાફાશ કરી ઈકબાલ ચૌહાણ નામના શખ્સને ઝડપી પાડ્યો છે. ડુંગરપુરના ચાંદની ચોક વિસ્તારમાં કાર્યવાહી દરમિયાન આરોપીના મકાનમાંથી પામોલીન તેલ, દૂધનો પાવડર અને પાણીના મિશ્રણથી બનાવટી દૂધ તૈયાર થતું હોવાનું સામે આવ્યું હતું. પ્રાથમિક તપાસ મુજબ છેલ્લા ૪થી ૫ મહિનાથી આ પ્રવૃત્તિ ચાલતી હતી. રોજ આશરે ૮૦૦થી ૮૮૦ લીટર બનાવટી દૂધ તૈયાર કરી અસલ દૂધમાં ભેળવી નાગલપુર અને નાંદરખી વિસ્તારની ખાનગી ડેરીઓમાં વેચાતું હોવાની માહિતી મળી છે. ટીમે બનાવટી દૂધ સહિત રૂ.૮૬ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. નમૂનાઓ તપાસ માટે મોકલાયા છે. જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધ કરી વધુ તપાસ હાથ ધરાઈ છે.

# કપરાડાના કરજૂન ગામે ઘરેલુ હિંસામાં શિક્ષક પતિએ પત્નીની કરી નિર્મમ હત્યા

વલસાડ, તા.૧૬



કપરાડાના કરજુન ગામે ઘરેલુ વિવાદમાં પ્રાથમિક શાળાના શિક્ષક સુરેશ લક્ષ્મણભાઈ વાઘમારે પર પત્ની આનંદીબેનની લાકડીથી હુમલો કરી હત્યા કરવાનો આરોપ લાગ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ, દારૂ પીવાની ટેવ સહિતના મુદ્દે બંને વચ્ચે અવારનવાર તકરાર થતી હતી. ઘટનાના દિવસે વહેલી સવારે બોલાચાલી બાદ સુરેશ વાઘમારેએ પત્ની પર લાકડીથી હુમલો કર્યો હતો. માથા અને પેટના ભાગે ગંભીર ઈજાઓ થતાં આનંદીબેનનું મોત થયું હતું. ઘટનાની જાણ પુત્ર પ્રવીણે પોલીસને કરી હતી. કપરાડા પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આરોપી સુરેશ વાઘમારેની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે ઘટનાસ્થળેથી પુરાવા એકત્ર કર્યા છે.

# બહેનની છેડતીની શંકામાં રાજકોટમાં ભાઈએ ત્રણ શખ્સો સાથે મળી પરપ્રાંતિય શખ્સની હત્યા કરી


રાજકોટ, તા.૧૬

રાજકોટના રેલનગર વિસ્તારમાં સાધુવાસવાણી કુંજ રોડ પર બાંધકામ સાઈટના પાછળના ભાગેથી ૩૪ વર્ષીય દુખી શ્યામનો મૃતદેહ મળી આવતા પોલીસ દોડી ગઈ હતી. મૃતક મૂળ ઓડિશાનો વતની અને રાજકોટમાં મજૂરી કામ કરતો હતો. શરીર પર ઈજાના નિશાન મળી આવતા પ્રદ્યુમનનગર પોલીસે મૃતદેહને ફોરેન્સિક પોસ્ટમોર્ટમ માટે મોકલી તપાસ શરૂ કરી હતી. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં ત્રણ શંકાસ્પદોને ઝડપી પૂછપરછ કરાઈ હતી. પોલીસ મુજબ, મૃતકે એક યુવતીનો હાથ પકડ્યો હોવાની બાબતે તેના ભાઈ અજિતને શંકા હતી. અજિતે બે સાથીદારો સાથે મળી દુખી શ્યામને બાંધકામ સાઈટના ઉપરના માળે લઈ જઈ માર માર્યો અને ગળું દબાવી હત્યા કરી હોવાની પ્રાથમિક કબૂલાત આપી છે. બાદમાં મૃતદેહ પાછળના ભાગે ફેંકાયો હતો. પોલીસે હત્યામાં અન્ય કોઈની સંડોવણી અંગે તપાસ હાથ ધરી છે.

# અમદાવાદમાં નકલી પાસપોર્ટ કૌભાંડમાં એટીએસે આરોપીની કરી ધરપકડ

અમદાવાદ, તા.૧૬

અમદાવાદમાં બનાવટી દસ્તાવેજોના આધારે કાયદાકીય પ્રક્રિયાથી બચવાનો પ્રયાસ કરવાના આરોપસર ગુજરાત એટીએસએ હરિકેશ પ્રણવ પટેલની ધરપકડ કરી છે. તપાસ મુજબ આરોપી સામે વર્ષ ૨૦૨૨-૨૩ દરમિયાન મની લોન્ડરિંગનો કેસ નોંધાયો હતો અને તેનો અસલી પાસપોર્ટ સત્તાવાળાઓ પાસે જમા હતો. તેમ છતાં આરોપીએ કથિત રીતે સરનામા સહિતની વિગતો બદલી નવો પાસપોર્ટ મેળવ્યો હતો. આ બનાવટી પાસપોર્ટના આધારે તેણે વિદેશ પ્રવાસ કર્યો હોવાની વિગતો તપાસમાં સામે આવી છે. એટીએસએ ટેકનિકલ તપાસ અને માનવ ગુપ્ત માહિતીના આધારે પાસપોર્ટ તથા મુસાફરી સંબંધિત વિગતો એકત્રિત કરી હતી. તપાસમાં આરોપીની ભૂમિકા સામે આવતા તેની ધરપકડ કરવામાં આવી છે. હવે નકલી પાસપોર્ટ તૈયાર કરવામાં મદદ કરનાર લોકો, બદલાયેલી ઓળખ અને દસ્તાવેજો અંગે તપાસ ચાલી રહી છે. તેણે કયા દેશોમાં અને કયા હેતુસર મુસાફરી કરી હતી તેની પણ તપાસ હાથ ધરાઈ છે.




# અમદાવાદમાં દીપડાની હાજરીથી ફફડાટ, પંજાના નિશાન મળ્યા

અમદાવાદ, તા.૧૬

સાણંદની સીમમાં દીપડાના તાજા પંજાના નિશાન અને કૂતરાનું મારણ મળતાં લોકોમાં ફફડાટ ફેલાયો છે. અગાઉ પણ ૧૭ અને ૧૮ ઓગસ્ટે દીપડાના સંકેતો મળ્યા હતા. વન વિભાગે સ્થળની તપાસ હાથ ધરી પાંજરું ગોઠવ્યું છે. ગ્રામજનોને રાત્રે એકલા બહાર ન નીકળવા અને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

